
# તત્વાર્થાધિગમ

(સાર્થ)




: પાવન પ્રેરણા :

પ.પૂ.આ.ભ.શ્રી રાજશેખરસૂરીશ્વરજી મ.સા.

સંપાદક : પં.શ્રી જિતેન્દ્રભાઈ શાહ

# તત્વાર્થાધિગમ

શ્રી કલિકુંડ પાર્શ્વનાથાય નમઃ

# તત્ત્વાર્થાધિગમ

(સાર્થ)

વાચકવર્ય ઉમાસ્વાતિજી

વિરચિત તત્ત્વાર્થસૂત્ર

❖ પાવન પ્રેરણા ❖

કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ.આ.વિ.

**રાજેન્દ્રસૂરીશ્વરજી** મહારાજાના

આજીવન ચરણોપાસક પ.પૂ.આ.વિ.

રાજશેખરસૂરીશ્વરજી મ.સા.

❖ **સંપાદક** ❖

**શ્રી જિતેન્દ્રભાઈ શાહ**

❁ પ્રકાશક ❁
શ્રુતજ્ઞાન સંસ્કારપીઠ
સેલર, વિમલનાથ ફ્લેટ, ૨-શ્રીમાળી સોસાયટી,
નવરંગપુરા, અમદાવાદ-૯.

❁ નકલ ૧૦૦૦ ❁

❁ પ્રાપ્તિસ્થાન ❁
પં.શ્રી જિતેન્દ્રભાઈ શાહ
એલ.ડી. ઈન્સ્ટિટ્યુટ, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ.

શેઠ ચંપકલાલ કાળીદાસ
૧૩, વિમલનાથ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ.
(મો.) ૯૪૨૬૦૧૦૩૨૩

❁ મુદ્રક ❁
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ
૩૦, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા,
અમદાવાદ-૧૪.(મો.)૯૮૨૫૦ ૨૪૨૦૪

# પ્રાક્કથન

શ્રી ઉમાસ્વાતિજી મહારાજે તત્વાર્થસૂત્રની રચના કરીને આપણા ઉપર અનહદ ઉપકાર કર્યો છે.

તત્વાર્થ સૂત્રમાં એમણે ઓછામાં ઓછા શબ્દોનો ઉપયોગ કરીને ભગીરથ અર્થોને ભરી દીધા છે.

**તત્વાર્થ સૂત્રનું બીજું નામ મોક્ષ સૂત્ર છે.**

પ્રથમ અધ્યયનના પહેલા સૂત્રમાં મોક્ષનો માર્ગ બતાવ્યો છે અને એ માર્ગમાં આગળ વધવા વાળો સાધક જ્યારે દશમા અધ્યયનના સંપર્કમાં આવે છે ત્યારે મોક્ષની પ્રાપ્તિ થાય છે એટલે મોક્ષ એટલે શું ? મોક્ષમાં આત્માની શું સ્થિતિ હોય છે ? વગેરે વાતો થોડાં જ સૂત્રોમાં પણ સ્પષ્ટ રીતે એ પોતે બતાવી શક્યા છે.


વાચકવર્ય ઉમાસ્વાતિજી મહારાજા પૂર્વધર હતા અને પૂર્વધર હોવાનાં કારણે એમનો સતત સ્વાધ્યાય રહ્યા કરતો હોય એના કારણ સ્વરૂપે

એમના માટે આત્મસાત્ બની ગયેલી વસ્તુની પ્રરૂપણા અત્યંત સાહજિકતાથી કરી શક્યા છે. પૂર્વનું જ્ઞાન આત્મસાત્ બની ગયું હતું. આના પરિણામ સ્વરૂપે આપણને આવું સુંદર તત્ત્વાર્થ સૂત્ર મળ્યું એમ કહી શકાય.

પંડિતવર્ય શ્રી જિતેન્દ્રભાઈએ સરળ સંપાદન કર્યું છે. એમની વિદ્વતાને ધન્યવાદ

પૂર્વમાં મોટા-મોટા અગણિત ભાવોને સંક્ષેપવા એ સામાન્ય કાર્ય નથી એમનો આ અનુપમ પ્રયાસ આપણા શ્રુતજ્ઞાનને અને આપણા શ્રુતજ્ઞાનના આદરને પ્રોજ્જવલિત કરે એ આશા સાથે વિરમું છું...

**-રાજશેખરસૂરિ**



# શ્રી તત્ત્વાર્થાધિગમ

## અધ્યાય-૧

१. सम्यग्दर्शन-ज्ञान-चारित्राणि-मोक्ष-मार्गः ।

२. तत्त्वार्थ-श्रद्धानं सम्यग्-दर्शनम् ।

३. तन्निसर्गादधिगमाद्वा ।

४. जीवाजीवास्रव-बन्ध-संवर-निर्जरा-मोक्षा-स्तत्त्वम् ।

[૧] સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર એ ત્રણ જ મળીને મોક્ષમાર્ગ છે. સમ્યક્ એટલે પ્રશસ્ત અથવા સંગત. સમ્યગ્દર્શન એટલે તત્ત્વભૂત જીવાદિ પદાર્થો વિષે શ્રદ્ધા. સમ્યગ્જ્ઞાન એટલે જીવાદિ પદાર્થોનો યથાર્થ બોધ. સમ્યક્ચારિત્ર એટલે યથાર્થજ્ઞાનપૂર્વક અસત્ક્રિયાથી નિવૃત્તિ અને સત્ક્રિયામાં પ્રવૃત્તિ.

[૨] તત્ત્વભૂત જીવાદિ પદાર્થો વિષે આ જ સત્ય છે એવી નિઃશંક શ્રદ્ધા તે સમ્યગ્દર્શન.

[૩] નિસર્ગ અને અધિગમ એ બે હેતુથી સમ્યગ્દર્શનગુણ પ્રગટ થાય છે. નિસર્ગ=બાહ્ય નિમિત્ત વિના સ્વાભાવિક. અધિગમ=ગુરૂપદેશ આદિ બાહ્ય નિમિત્ત.

[૪] જીવ, અજીવ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ- એસાત તત્ત્વો છે.

५. नाम-स्थापना-द्रव्य-भावतस्तन्न्यासः ।
६. प्रणाम-नयैरधिगमः ।
७. निर्देश-स्वामित्व-साधनाधिकरण-स्थिति-विधानतः ।

[૫] નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર દ્વારો વડે જીવાદિ તત્ત્વોનું સ્વરૂપ વિચારી શકાય છે. દરેક વસ્તુ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એ ચાર સ્વરૂપે અવશ્ય હોય છે.

[૬] પ્રમાણ અને નયોથી તત્ત્વોનો અધિગમ=બોધ થાય છે. જેનાથી બોધ થાય તે જ્ઞાન. કોઈપણ વસ્તુનો બોધ પ્રમાણ અને નય દ્વારા થાય છે. આથી એ બંને જ્ઞાનસ્વરૂપ છે. બંને જ્ઞાનસ્વરૂપ હોવા છતાં બંનેમાં ભેદ છે. જેનાથી નિત્ય આદિ અનેક ધર્મો દ્વારા વસ્તુનો અનેક સ્વરૂપે નિર્ણયાત્મક બોધ થાય તે પ્રમાણ, અને જેનાથી નિત્ય આદિ કોઈ એક ધર્મ દ્વારા વસ્તુનો બોધ થાય તે નય. 'ज्ञानक्रियाभ्यां मोक्षः' જ્ઞાન-ક્રિયાથી મોક્ષ થાય, આ પ્રમાણવાક્ય છે. 'ज्ञानेन मोक्षः' જ્ઞાનથી મોક્ષ થાય, આ નયવાક્ય છે.

[૭-૮] નિર્દેશ (=સ્વરૂપ), સ્વામિત્વ (=માલિક), સાધન (= ઉત્પત્તિનાં નિમિત્તો), અધિકરણ (=રહેવાનું સ્થાન), સ્થિતિ (=ટકવાનો કાળ), વિધાન (=પ્રકાર-ભેદ)-એ છ દ્વારોથી તત્ત્વોનું જ્ઞાન થઈ શકે છે.

८. सत्-संख्या-क्षेत्र-स्पर्शन-कालाऽन्तर-भावाऽल्प बहुत्वैश्च ।

९. मति-श्रुता-ऽवधि-मनःपर्याय-केवलानि ज्ञानम् ।

૧. સત્, ૨. સંખ્યા, ૩. ક્ષેત્ર, ૪. સ્પર્શન, ૫. કાળ, ૬. અંતર, ૭. ભાવ અને ૮. અલ્પ-બહુત્વ એ આઠ દ્વારોથી પણ તત્ત્વોનું વિશદ જ્ઞાન થઈ શકે છે.

(૧) **સત્**-વિવક્ષિત તત્ત્વની સત્તા=વિદ્યમાનતા.

(૨) **સંખ્યા**-વિવક્ષિત તત્ત્વના માલિકની સંખ્યા.

(૩) **ક્ષેત્ર**-વિવક્ષિત તત્ત્વના સ્વામી લોકના કેટલા ક્ષેત્રમાં હોઈ શકે.

(૪) **સ્પર્શન**-વિવક્ષિત તત્ત્વના માલિક લોકના કેટલા ક્ષેત્રને સ્પર્શે.

(૫) **કાળ**-વિવક્ષિત તત્ત્વ કેટલા કાળ સુધી રહે.

(૬) **અંતર**-વિવક્ષિત તત્ત્વની પ્રાપ્તિ થયા બાદ તેનો વિયોગ થાય તો કેટલા કાળ સુધી વિયોગ રહે.

(૭) **ભાવ**-ઔદયિક આદિ પાંચ ભાવોમાંથી કયા ભાવે વિવક્ષિત તત્ત્વ હોય.

[૯] (૧) મતિ, (૨) શ્રુત, (૩) અવધિ, (૪) મનઃપર્યવ અને (૫) કેવળ એ પાંચ પ્રકારે જ્ઞાન છે.

(૧) **મતિ**-મન અને ઇન્દ્રિયોની સહાયથી થતો બોધ.

१०. तत् प्रमाणे ।
११. आद्ये परोक्षम् ।
१२. प्रत्यक्षमन्यत् ।
१३. मतिः स्मृतिः संज्ञा-चिन्ताऽभिनिबोध इत्यनर्थान्तरम् ।

(૨) શ્રુત-મન અને ઈન્દ્રિયોની સહાયથી શબ્દ અને અર્થના પર્યાલોચનપૂર્વક થતો બોધ.

(૩) અવધિ-ઈન્દ્રિયો અને મનની અપેક્ષા વિના આત્મશક્તિથી થતો રૂપી દ્રવ્યોનો બોધ.

(૪) મનઃપર્યાય-અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનના વિચારોનો=પર્યાયોનો બોધ.

(૫) કેવળ-ત્રણે કાળનાં સર્વદ્રવ્યો અને સર્વપર્યાયોનું જ્ઞાન.

[૧૦-૧૨] પાંચ પ્રકારનું જ્ઞાન બે (પરોક્ષ અને પ્રત્યક્ષ) પ્રમાણ રૂપ છે. મતિ અને શ્રુત એ બે જ્ઞાન પરોક્ષ પ્રમાણરૂપ છે. અવધિ, મનઃપર્યવ અને કેવળ એ ત્રણ જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણરૂપ છે. ઈન્દ્રિયોની સહાયથી થતું જ્ઞાન પરોક્ષ પ્રમાણ અને ઈન્દ્રિયોની સહાય વિના થતું જ્ઞાન પ્રત્યક્ષ પ્રમાણ છે.

[૧૩] મતિ, સ્મૃતિ, સંજ્ઞા, ચિંતા અને અભિનિબોધ એ પાંચ શબ્દો એકાર્થક છે અર્થાત્ એ પાંચેય શબ્દોનો અર્થ મતિ (જ્ઞાન) થાય છે. ઈન્દ્રિયો અને મન દ્વારા વર્તમાનમાં થતો બોધ તે મતિજ્ઞાન. પૂર્વે અનુભૂત વસ્તુનું સ્મરણ તે સ્મૃતિજ્ઞાન. પૂર્વે અનુભૂત વસ્તુને

१४. तदिन्द्रियाऽनिन्द्रिय-निमित्तम् ।

१५. अवग्रहेहापाय-धारणाः ।

વર્તમાનમાં જોતાં 'તે જ આ વસ્તુ છે' એ પ્રમાણે થતું જ્ઞાન તે સંજ્ઞાજ્ઞાન, અન્ય ગ્રંથોમાં આ જ્ઞાનને પ્રત્યભિજ્ઞા કહેવામાં આવે છે. ભવિષ્ય માટેની વિચારણા તે ચિંતાજ્ઞાન. મતિ આદિ દરેક જ્ઞાન માટે અભિનિબોધ સર્વ સામાન્ય શબ્દ છે.

[૧૪] મતિજ્ઞાન ઇન્દ્રિયોની અને અનિંદ્રિયની અર્થાત્ મનની સહાયથી ઉત્પન્ન થાય છે.

[૧૫] મતિજ્ઞાનના (૧) અવગ્રહ, (૨) ઇહા, (૩) અપાય અને (૪) ધારણા એમ મુખ્ય ચાર ભેદો છે.

(૧) **અવગ્રહ**-અવગ્રહના વ્યંજન અને અર્થ એમ બે ભેદો છે. ઇન્દ્રિય અને વિષયનો સંયોગ તે વ્યંજન. વ્યંજનથી થતો અત્યંત અવ્યક્ત બોધ તે વ્યંજનાવગ્રહ. વ્યંજનાવગ્રહ બાદ 'કંઈક છે' એવો અવ્યક્ત બોધ તે અર્થાવગ્રહ.

(૨) **ઈહા**-અવ્યક્ત બોધ થયા બાદ તે વસ્તુ શું છે એનો નિર્ણય કરવા માટે થતી વિચારણા.

(૩) **અપાય**-વિચારણા બાદ "આ વસ્તુ અમુક છે" એવો નિર્ણય.

(૪) **ધારણા**-નિર્ણયાત્મક બોધની સ્થિરતા.

દરેક વખતે અવગ્રહાદિ ચારે ક્રમશઃ પ્રવર્તે છે, છતાં

**१६. बहु-बहुविध-क्षिप्राऽनिश्रिताऽसंदिग्ध-ध्रुवाणां सेतराणाम् ।**

ઉત્પલશતપત્રભેદની જેમ અતિશીઘ્રતાથી પ્રવર્તતા હોવાથી જાણે સીધો અપાય જ થાય છે એમ આપણને લાગે છે.

ધારણાના (૧) અવિચ્યુતિ, (૨) વાસના, (૩) સ્મૃતિ એ ત્રણ ભેદો છે.

(૧) **અવિચ્યુતિ**-નિર્ણય બાદ તેના ઉપયોગની સ્થિરતા તે અવિચ્યુતિ.

(૨) **વાસના**-અવિચ્યુતિ ધારણાથી આત્મામાં પડતા સંસ્કારો એ વાસના.

(૩) **સ્મૃતિ**-સંસ્કારો જાગ્રત થતાં પૂર્વાનુભૂતનું સ્મરણ તે સ્મૃતિ.

[૧૬] (૧) બહુ, (૨) બહુવિધ, (૩) ક્ષિપ્ર, (૪) અનિશ્રિત, (૫) અસંદિગ્ધ, (૬) ધ્રુવ. એ છ અને એ છથી ઈતર= વિપરીત (૭) અબહુ, (૮) અબહુવિધ, (૯) અક્ષિપ્ર, (૧૦) નિશ્રિત, (૧૧) સંદિગ્ધ, (૧૨) અધ્રુવ એ છ એમ બાર પ્રકારે અવગ્રહાદિ ૪ પ્રવર્તે છે.

(૧) **બહુ**-એકી સાથે ઘણું જાણે.

(૨) **બહુવિધ**-એકી સાથે ઘણા પ્રકારે જાણે.

(૩) **ક્ષિપ્ર**-જલદી જાણે.

१७. अर्थस्य ।

१८. व्यञ्जनस्यावग्रहः ।

१९. न चक्षुरनिन्द्रियाभ्याम् ।

(૪) **અનિશ્રિત**-નિશાની વિના જાણે.

(૫) **અસંદિગ્ધ**-અસંદિગ્ધરૂપે જાણે.

(૬) ધ્રુવ-ધ્રુવરૂપે જાણે, એટલે કે એક પદાર્થને એક વખતે જે સ્વરૂપે જાણ્યો હોય તે પદાર્થને ફરી જ્યારે જ્યારે જાણે ત્યારે તે જ સ્વરૂપે જાણે.

(૭-૧૨) બહુ આદિથી વિપરીત રૂપે જાણે.

[૧૭] અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા અર્થના થાય છે અર્થાત્ પદાર્થના=વસ્તુના અનુક્રમે અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા થાય છે. એથી પદાર્થનું મતિજ્ઞાન થાય છે.

[૧૮] વ્યંજનનો અવગ્રહ જ થાય છે.

ઈન્દ્રિય અને વિષયનો સંબંધ તે વ્યંજન. વ્યંજન થતાં અત્યંત અવ્યક્ત બોધ તે વ્યંજનનો અવગ્રહ=વ્યંજના-વગ્રહ. જેમ ઉપરના સૂત્રમાં કહ્યા મુજબ અર્થનો અવગ્રહ થયા બાદ અર્થના ઈહા આદિ થાય છે તેમ વ્યંજનનો અવગ્રહ થયા બાદ વ્યંજનના (ઈન્દ્રિયવિષયના સંબંધના) ઈહાદિ થતા નથી.

[૧૯] ચક્ષુ અને મનવડે થતા મતિજ્ઞાનમાં વ્યંજનનો અવગ્રહ થતો નથી અર્થાત્ ચક્ષુ અને મન સાથે

२०. श्रुतं मतिपूर्वं द्व्यनेकद्वादशभेदम् ।
२१. द्विविधोऽवधिः ।
२२. भवप्रत्ययो नारक-देवानाम् ।

વિષયનો=વસ્તુનો સંયોગ થતો નથી, પરંતુ સીધો જ અર્થાવગ્રહ થાય છે.

(સ્પર્શનાદિ ઇન્દ્રિયો) ૪x૫ (વ્યંજનાવગ્રહાદિ)=૨૦. (ચક્ષુ-મન) ૨x૪ (અર્થાવગ્રહાદિ)=૨૮x૧૨ (બહુ આદિ)=૩૩૬ કુલ મતિજ્ઞાનના ભેદો છે.

[૨૦] જે જ્ઞાન મતિજ્ઞાનપૂર્વક હોય તે શ્રુતજ્ઞાન. શ્રુતજ્ઞાન મતિજ્ઞાન વિના થાય જ નહિ. શ્રુતજ્ઞાનના અંગબાહ્ય અને અંગપ્રવિષ્ટ એમ મુખ્ય બે ભેદો છે. .

અંગબાહ્યના કાલિક, ઉત્કાલિક વગેરે અનેક ભેદો છે. અંગપ્રવિષ્ટના આચારાંગ આદિ બાર અંગરૂપ બાર ભેદો છે.

[૨૧] અવધિના બે ભેદ છે.

(૧) ભવપ્રત્યય=ભવના નિમિત્તથી અવશ્ય થનાર.

(૨) ક્ષયોપશમપ્રત્યય=ભિન્ન-ભિન્ન નિમિત્તથી થતા ક્ષયોપશમ દ્વારા થનાર. પ્રત્યય=નિમિત્ત.

[૨૨-૨૩] નારકો અને દેવોને ભવપ્રત્યય અને શેષ જીવોને ક્ષયોપશમપ્રત્યય છ પ્રકારનું અવધિજ્ઞાન હોય છે.

२३. यथोक्त-निमित्तः षड्-विकल्पः शेषाणाम् ।
२४. ऋजु-विपुल-मती मनःपर्यायः ।
२५. विशुद्ध्यप्रतिपाताभ्यां तद्विशेषः ।
२६. विशुद्धि-क्षेत्र-स्वामि-विषयेभ्योऽवधि-मनः-पर्याययोः ।

(૧) **અનુગામી**-ફાનસના દીવાની જેમ સાથે આવનાર.

(૨) **અનનુગામી**-સાથે ન આવનાર.

(૩) **વર્ધમાન**-ઉત્પત્તિ બાદ અનુક્રમે વધતું.

(૪) **હીયમાન**-ઉત્પત્તિ બાદ ક્રમશઃ ઘટતું.

(૫) **પ્રતિપાતી**-ઉત્પત્તિ બાદ નાશ પામે. અથવા

(૬) **અનવસ્થિત**-વધે કે ઘટે, જાય-આવે એમ અનિયમિત રહે.

(૭) **અપ્રતિપાતી**-જાય નહિ, કાયમ રહે. અથવા

(૮) **અવસ્થિત**-જેવું ઉત્પન્ન થાય તેવું જ કાયમ રહે.

[૨૪] મનઃપર્યવજ્ઞાનના ઋજુમતિ અને વિપુલમતિ એમ બે ભેદો છે. **મનઃપર્યવ**=મનના પર્યાયોનો=વિચારોનો બોધ.

[૨૫] વિશુદ્ધિ અને અપ્રતિપાત (કાયમ ટકવું) વડે ઋજુમતિ અને વિપુલમતિમાં વિશેષતા=ભેદ છે. ઋજુમતિ અવિશુદ્ધ અને પ્રતિપાતી છે, જ્યારે વિપુલમતિ વિશુદ્ધ અને અપ્રતિપાતી છે.

[૨૬] (૧) વિશુદ્ધિ, (૨) ક્ષેત્ર, (૩) સ્વામી અને (૪)

२७. मतिश्रुतयोर्निबन्धः सर्वद्रव्येष्वसर्व-पर्यायेषु ।
२८. रूपिष्ववधेः ।
२९. तदनन्त-भागे मनःपर्यायस्य ।

વિષય એ ચાર હેતુઓથી અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાનમાં વિશેષતા=ભેદ છે.

(૧) વિશુદ્ધિ-અવધિજ્ઞાની મનના વિચારોને સ્થૂલથી જાણી શકે છે, જ્યારે મનઃપર્યવજ્ઞાની અતિસૂક્ષ્મતાથી જાણી શકે છે.

(૨) ક્ષેત્ર-અવધિનું ક્ષેત્ર સંપૂર્ણ લોક. મનઃપર્યવનું ક્ષેત્ર અઢીદ્વીપ.

(૩) સ્વામી-અવધિ ચારે ગતિના જીવોને હોય અને મનઃપર્યવ સંયમીને જ હોય.

(૪) વિષય-અવધિનો વિષય થોડા પર્યાયયુક્ત સર્વરૂપી દ્રવ્યો અને મનઃપર્યવનો વિષય અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિયોએ મનપણે પરિણમાવેલ મનોદ્રવ્યો છે.

[૨૭] મતિ અને શ્રુતજ્ઞાનનો વિષય કેટલાક પર્યાયયુક્ત સર્વદ્રવ્યો છે.

[૨૮] અવધિનો વિષય કેટલાક પર્યાયયુક્ત સર્વરૂપી દ્રવ્યો છે.

[૨૯] મનઃપર્યવજ્ઞાનનો વિષય અવધિજ્ઞાનના વિષયથી અનંતમા ભાગે છે.

३०. सर्व-द्रव्य-पर्यायेषु केवलस्य ।

३१. एकादीनि भाज्यानि युगपदेकस्मिन्नाचतुर्भ्यः ।

३२. मतिश्रुतावधयो विपर्ययश्च ।

३३. सदसतोरविशेषाद्यदृच्छोपलब्धे-रुन्मत्तवत् ।

३४. नैगम-संग्रह व्यवहारर्जुसूत्र-शब्दा नयाः ।

३५. आद्य-शब्दौ द्वि-त्रि-भेदौ ।

[૩૦] કેવલજ્ઞાનનો વિષય સર્વપર્યાયયુક્ત સર્વદ્રવ્યો છે.

[૩૧] એક જીવને એકી સાથે એક, બે, ત્રણ કે ચાર જ્ઞાન હોઈ શકે. પણ કોઈ જીવને એકી સાથે પાંચેય જ્ઞાન ન હોઈ શકે.

[૩૨] પ્રથમના ત્રણ જ્ઞાન વિપરીત પણ હોય છે, એટલે કે અજ્ઞાન સ્વરૂપ પણ હોય છે.

[૩૩] પોતાની મતિકલ્પના પ્રમાણે અર્થ કરવાથી ઉન્મત્તની જેમ સત્ પદાર્થ અને અસત્ પદાર્થની વિશેષતા સમજી ન શકવાથી મિથ્યાદૃષ્ટિનું મતિ આદિ જ્ઞાન અજ્ઞાનસ્વરૂપ છે.

[૩૪-૩૫] નૈગમ નયના સામાન્ય અને વિશેષ એ બે અને શબ્દ નયના સાંપ્રત, સમભિરૂઢ અને એવંભૂત એ ત્રણ ભેદો છે.

# અધ્યાય-૨

૧. **औपशमिक-क्षायिकौ भावौ मिश्रश्च जीवस्य स्वतत्त्वमौदयिक-पारिणामिकौ च ।**

[૧] (૧) ઔપશમિક, (૨) ક્ષાયિક, (૩) મિશ્ર, (૪) ઔદયિક, (૫) પારિણામિક એ પાંચ ભાવો (ગુણો કે ધર્મો) જીવના સ્વતત્ત્વ=સ્વ-સ્વરૂપ છે અર્થાત્ સ્વભાવ છે.

(૧) **ઔપશમિક**-કચરો નીચે શમી જતાં જળની નિર્મળતાની જેમ કર્મોના ઉપશમથી (થોડા સમય માટે ઉદયના અભાવથી) થતો શુભભાવ.

(૨) **ક્ષાયિક**-કચરો સર્વથા નીકળી જતાં જળની નિર્મળતાની જેમ કર્મોના સર્વથા ક્ષયથી થતો શુભભાવ.

(૩) **મિશ્ર**-ધોયેલા કોદ્રવમાં મદશક્તિની અપેક્ષાએ શુદ્ધિ-અશુદ્ધિનું મિશ્રણ હોય છે તેમ, અથવા નીચે શમી ગયેલા કચરાવાળા પાણીને સામાન્ય હલાવવાથી થોડો કચરો ઉપર આવવાથી પાણીમાં શુદ્ધિ-અશુદ્ધિનું મિશ્રણ બને છે, તેમ કર્મના ઉપશમરૂપ શુદ્ધિ અને ઉદયરૂપ અશુદ્ધિના મિશ્રણથી થતો ભાવ.

(૪) **ઔદયિક**-કર્મના ઉદયથી થતો ભાવ.

(૫) **પારિણામિક**-પરિણામથી થતો ભાવ પારિણામિક. પરિણામ એટલે જીવનું પોતાનું જ સ્વાભાવિક સ્વરૂપ.

२. द्वि-नवाऽष्टादशैकविंशति-त्रिभेदा यथाक्रमम् ।
३. सम्यक्त्व-चारित्रे ।
४. ज्ञान-दर्शन-दान-लाभ-भोगोपभोग-वीर्याणि च ।
५. ज्ञानाऽज्ञान-दर्शन-दानादिलब्धयश्चतुस्त्रि-त्रि-पञ्चभेदा यथाक्रमं सम्यक्त्व-चारित्र-संयमाऽसंयमाश्च ।
६. गति-कषाय-लिङ्ग-मिथ्यादर्शनाऽज्ञानाऽसंयताऽसिद्धत्व-लेश्याश्चतुश्चतुस्त्र्येकैकैकैक-षड्-भेदाः ।

[२] ઔપશમિક આદિ-૫ ભાવોના અનુક્રમે ૨, ૯, ૧૮, ૨૧, ૩ ભેદો છે.

[૩] ઔપશમિક ભાવના સમ્યક્ત્વ અને ચારિત્ર એમ બે ભેદો છે.

[૪] જ્ઞાન, દર્શન, દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય, સમ્યક્ત્વ અને ચારિત્ર એ નવ ભેદો ક્ષાયિક ભાવના છે.

[૫] મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ એ-૪ જ્ઞાન. મતિ, શ્રુત, અવધિ એ-૩ અજ્ઞાન. ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ-૩ દર્શન. દાન, લાભ, ભોગ, ઉપભોગ, વીર્ય એ-૫ લબ્ધિ. સમ્યક્ત્વ, સર્વચારિત્ર અને સંયમાસંયમ(=દેશચારિત્ર) એમ ૧૮ ભેદો ક્ષાયોપશમિક ભાવના છે.

[૬] ૪ ગતિ, ૪ કષાય, ૩ લિંગ, મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, અસિદ્ધત્વ, ૭ લેશ્યા એમ એકવીસ ભેદો ઔદયિક ભાવના છે.

**७. जीव-भव्याऽभव्यत्वादीनि च ।**

**८. उपयोगो लक्षणम् ।**

**९. स द्विविधोऽष्ट-चतुर्भेदः ।**

**१०. संसारिणो मुक्ताश्च ।**

[૭] જીવત્વ, ભવ્યત્વ, અભવ્યત્વ એ-૩ વગેરે અનાદિ પારિણામિક ભાવો છે.

**જીવત્વ**=ચૈતન્ય. **ભવ્યત્વ**=મોક્ષ પામવાની યોગ્યતા. (જાતિભવ્યત્વ નામનો ભાવ પણ છે. **જાતિભવ્યત્વ**=મોક્ષ પામવાની યોગ્યતા હોવા છતાં મોક્ષની સામગ્રી ન મળે.)

**અભવ્યત્વ**=મોક્ષ પામવાની અયોગ્યતા.

[૮] ઉપયોગ એ આત્માનું લક્ષણ=અસાધારણ ધર્મ છે.

[૯] ઉપયોગના મુખ્ય બે ભેદો છે. (૧) સાકારોપયોગ= જ્ઞાનોપયોગ અને (૨) અનાકારોપયોગ= દર્શનોપયોગ. સાકારોપયોગના મતિ આદિ-૫ જ્ઞાન અને મતિ અજ્ઞાન આદિ-૩ અજ્ઞાન એમ-૮ ભેદો છે. અનાકારોપયોગના ચક્ષુદર્શન (ચક્ષુથી સામાન્ય બોધ), અચક્ષુદર્શન (શેષ ઇન્દ્રિય અને મનથી સામાન્ય બોધ), અવધિદર્શન (ઇન્દ્રિય અને મનની સહાય વિના રૂપી દ્રવ્યોનો સામાન્ય બોધ) અને કેવળદર્શન (સર્વ દ્રવ્યોનો સામાન્ય બોધ) એ ચાર ભેદો છે.

[૧૦] સંસારી અને મુક્ત એમ જીવોના બે ભેદો છે.

११. समनस्काऽमनस्काः ।

१२. संसारिणस्त्रस-स्थावराः ।

१३. पृथिव्यब्-वनस्पतयः स्थावराः ।

१४. तेजो-वायू द्वीन्द्रियादयश्च त्रसाः ।

१५. पञ्चेन्द्रियाणि ।

१६. द्विविधानि ।

१७. निर्वृत्त्युपकरणे द्रव्येन्द्रियम् ।

[૧૧] મનવાળા (=સંજ્ઞી) અને મનરહિત (=અસંજ્ઞી) એમ બે પ્રકારના જીવો છે.

[૧૨] ત્રસ (=ગતિ કરનાર) અને સ્થાવર (=ગતિ નહિ કરનાર) એમ બે પ્રકારે સંસારી જીવો છે.

[૧૩] પૃથ્વીકાય, અપ્કાય અને વનસ્પતિકાય જીવો સ્થાવર છે.

[૧૪] તેઉકાય, વાયુકાય, બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય જીવો ત્રસ છે.

[૧૫] ઇન્દ્રિયો પાંચ છે.

[૧૬] દરેક ઇન્દ્રિય દ્રવ્ય અને ભાવ એમ બે પ્રકારે છે.

[૧૭] દ્રવ્યેન્દ્રિયના નિર્વૃત્તિ અને ઉપકરણ એમ બે ભેદો છે.

(૧) **નિર્વૃત્તિ** એટલે વિશિષ્ટ આકારની રચના.

આપણને દેખાતો આંખ, કાન વગેરેનો બાહ્ય આકાર એ નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિય છે.

१८. लब्ध्युपयोगौ भावेन्द्रियम् ।
१९. उपयोगः स्पर्शादिषु ।
२०. स्पर्शन-रसन-घ्राण-चक्षुः-श्रोत्राणि ।

(૨) ઉપકરણ એટલે ઉપકારક. નિર્વૃત્તિ દ્રવ્યેન્દ્રિયની અંદર રહેલા પોતપોતાના વિષયને ગ્રહણ કરવાની =પકડવાની શક્તિ ધરાવનારા પુદ્ગલ-દ્રવ્યના બનેલા સૂક્ષ્મ અવયવો ઉપકરણ દ્રવ્યેન્દ્રિય છે.

જો નિર્વૃત્તિ એ ખોખું છે તો ઉપકરણ એ ખોખાની અંદર તદાકારે ગોઠવેલ માલ છે. નિર્વૃત્તિને જો તલવાર કહીએ તો ઉપકરણ તલવારની ધાર છે.

[૧૮] ભાવ ઇન્દ્રિયના લબ્ધિ અને ઉપયોગ એમ બે ભેદો છે. લબ્ધિ એટલે લાભ. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી જ્ઞાનશક્તિનો લાભ તે લબ્ધિ.

ઉપયોગ એટલે વ્યાપાર. જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મળેલી જ્ઞાનશક્તિનો વ્યાપાર તે ઉપયોગ.

[૧૯] ભાવેન્દ્રિય રૂપ ઉપયોગ સ્પર્શન આદિ ઇન્દ્રિયો દ્વારા અનુક્રમે સ્પર્શ, રસ, ગંધ, રૂપ અને શબ્દ એ પાંચ વિષયોમાં પ્રવર્તે છે અર્થાત્ ઉપયોગથી ઇન્દ્રિયો દ્વારા સ્પર્શાદિનું જ્ઞાન થાય છે.

[૨૦] સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર એ પાંચ ઇન્દ્રિયોનાં ક્રમશઃ નામો છે.

२१. स्पर्श-रस-गन्ध-वर्ण-शब्दास्तेषामर्थाः ।
२२. श्रुतमनिन्द्रियस्य ।
२३. वाय्वन्तानामेकम् ।
२४. कृमि-पिपीलिका-भ्रमर-मनुष्यादीनामेकैक-वृद्धानि ।
२५. संज्ञिनः समनस्काः ।
२६. विग्रहगतौ कर्मयोगः ।

[૨૧] સ્પર્શન આદિ ઇન્દ્રિયોના ક્રમશઃ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દ એ પાંચ વિષયો છે (અર્થાત્ એ પાંચ જાણી શકાય છે.)

[૨૨] મનનો વિષય શ્રુત છે.

[૨૩] પૃથ્વીકાય, અપ્‌કાય, વનસ્પતિકાય, તેઉકાય, વાયુકાય એ પાંચ પ્રકારના જીવોને એક ઇન્દ્રિય હોય છે.

[૨૪] કૃમિ, શંખ, છીપ, જળો વગેરે જીવોને પ્રારંભની બે ઇન્દ્રિયો હોય છે. કીડી, મંકોડા, માંકડ, કુંથુઆ, કાષ્ઠના કીડા વગેરે જીવોને પ્રારંભની ત્રણ ઇન્દ્રિયો હોય છે. ભ્રમર, માખી, મચ્છર, વીંછી, પતંગિયા વગેરે જીવોને શ્રોત્ર વિના બાકીની ચાર ઇન્દ્રિયો હોય છે. દેવ, નારક, મનુષ્ય તથા પશુ-પક્ષી જળચર વગેરે તિર્યંચોને પાંચ ઇન્દ્રિયો હોય છે.

[૨૫] સંજ્ઞી જીવો સમનસ્ક=મનવાળા હોય છે.

[૨૬] વિગ્રહગતિમાં (પરભવ જતાં વક્રગતિમાં) કાર્મણ કાયયોગ હોય છે.

२७. अनुश्रेणि गतिः ।
२८. अविग्रहा जीवस्य ।
२९. विग्रहवती च संसारिणः प्राक् चतुर्भ्यः ।
३०. एक-समयोऽविग्रहः ।
३१. एकं द्वौ वाऽनाहारकः ।
३२. सम्मूर्छन-गर्भोपपाताज्जन्म ।

[૨૭] જેમ ગાડી પાટા ઉપર જ ચાલે છે, તેમ જીવ અને પુદ્ગલની ગતિ અનુશ્રેણી=સીધી થાય છે. (જીવ કે પુદ્ગલની વક્રગતિ પરપ્રયોગથી જ થાય છે.)

[૨૮] સિદ્ધ થતા જીવની ગતિ સરળ જ હોય છે.

[૨૯] સંસારી જીવો વિગ્રહ=વક્ર અને અવિગ્રહ=સરળ એમ બે પ્રકારની ગતિથી ભવાંતરમાં ઉત્પત્તિસ્થાને જાય છે. વક્રગતિ વધુમાં વધુ ત્રણ સમયની હોય છે.

[૩૦] અવિગ્રહગતિનો કાળ એક સમય છે.

[૩૧] પરભવ જતાં અંતરાલગતિમાં જીવ એક બે સમય અનાહારક હોય છે અર્થાત્ કોઈપણ પ્રકારના આહારને ગ્રહણ કરતો નથી.

[૩૨] સંમૂર્છન, ગર્ભ અને ઉપપાત એમ ત્રણ પ્રકારે જન્મ થાય છે. ઉત્પત્તિક્ષેત્રમાં આવીને નવીન ભવના સ્થૂલ દેહને યોગ્ય પુદ્ગલોનું સર્વપ્રથમ ગ્રહણ તે જન્મ. સંમૂર્છન જન્મ=સ્ત્રી-પુરુષના સંબંધ વિના નવીન

३३. सचित्त-शीत-संवृत्ताः सेतरा मिश्राश्चैकशस्तद्योनयः ।
३४. जराय्वण्डपोतजानां गर्भः ।
३५. नारक-देवानामुपपातः ।
३६. शेषाणां सम्मूर्छनम् ।

ઔદારિક-શરીરને યોગ્ય પુદ્‌ગલોનું સર્વપ્રથમ ગ્રહણ.

ગર્ભજન્મ=પુરુષના સંયોગથી ઉત્પન્ન થયેલા શુક્ર-શોણિતના પુદ્‌ગલોનું સર્વપ્રથમ ગ્રહણ.

ઉપપાતજન્મ=ઉત્પત્તિસ્થાનમાં રહેલા વૈક્રિય પુદ્‌ગલોનું સર્વપ્રથમ ગ્રહણ.

જન્મના આ ત્રણ ભેદ જન્મસ્થાનના ભેદની અપેક્ષાએ છે.

[૩૩] જીવોની યોનિઓ સચિત્ત, અચિત્ત અને મિશ્ર(=સચિત્ત-અચિત્ત) એમ ત્રણ પ્રકારે. શીત, ઉષ્ણ અને મિશ્ર(= શીતોષ્ણ) એમ ત્રણ પ્રકારે તથા સંવૃત, અસંવૃત અને મિશ્ર(=સંવૃત-અસંવૃત) એમ ત્રણ પ્રકારે હોય છે. યોનિ=ઉત્પત્તિસ્થાન.

[૩૪] જરાયુજ (મનુષ્ય, ગાય વગેરે), અંડજ (ઇંડામાંથી ઉત્પન્ન થનાર પક્ષી વગેરે), પોતજ (હાથી વગેરે) પ્રાણીઓને ગર્ભરૂપ જન્મ હોય છે.

[૩૫] નારક અને દેવોને ઉપપાતરૂપ જન્મ હોય છે.

[૩૬] બાકીના જીવોને સંમૂર્છન જન્મ હોય છે.

**३७. औदारिक-वैक्रियाऽऽहारक-तैजस-कार्मणानि शरीराणि ।**

[૩૭] ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ એમ પાંચ શરીરો છે.

(૧) **ઔદારિક**-ઉદાર એટલે સ્થૂલ (અથવા શ્રેષ્ઠ). ઉદાર= સ્થૂલ પુદ્ગલોથી બનેલું શરીર ઔદારિક. સર્વ મનુષ્યો અને તિર્યંચોનું મૂળ શરીર ઔદારિક હોય છે.

(૨) **વૈક્રિય**-જે શરીર નાનામાંથી મોટું, મોટામાંથી નાનું, એકમાંથી અનેક, અનેકમાંથી એક એમ વિવિધ સ્વરૂપે બનાવી શકાય તે વૈક્રિય. આ શરીરના ભવપ્રત્યય અને લબ્ધિપ્રત્યય એમ બે ભેદો છે. **ભવપ્રત્યય**=તેવા પ્રકારના ભવથી જ (પક્ષીઓને પાંખો હોય તેમ) જન્મથી માંડી મરણ સુધી રહેનાર. **લબ્ધિપ્રત્યય**=વૈક્રિયલબ્ધિથી ઇચ્છા થાય ત્યારે ઇચ્છા પ્રમાણે બનાવી શકાય તે. દેવો અને નારકોને બંને પ્રકારનું અને મનુષ્ય-તિર્યંચોને લબ્ધિપ્રત્યય વૈક્રિયશરીર હોય છે.

(૩) **આહારક**-આહારક લબ્ધિવાળા ચૌદપૂર્વધર મુનિઓ તીર્થંકરની ઋદ્ધિ જોવા કે પ્રશ્ન પૂછવા જે શરીરની રચના કરે તે આહારકશરીર. આ શરીર એક હાથ પ્રમાણ અને અત્યંત સૂક્ષ્મ હોય છે.

३८. परं परं सूक्ष्मम् ।

३९. प्रदेशतोऽसंख्येयगुणं प्राक् तैजसात् ।

४०. अनन्तगुणे परे ।

४१. अप्रतिघाते ।

(૪) તૈજસ-ખાધેલા ખોરાકને પચાવનાર શરીર તૈજસ. આપણા શરીરમાં અને જઠરમાં જે ગરમી રહેલી છે તે પણ એક જાતનું શરીર છે. આ શરીર ન હોય તો આપણે ખોરાકને પચાવી ન શકીએ અને શરીરમાં ગરમી પણ ન રહે.

(૫) કાર્મણ-આત્માની સાથે ક્ષીરનીરવત્ એકમેક થયેલાં કર્મો એ જ કાર્મણ શરીર. આ શરીર અન્ય સર્વ શરીરોનું કારણ છે.

[૩૮] આ પાંચ શરીરમાં ક્રમશઃ પૂર્વ-પૂર્વના શરીરથી પછી-પછીનું શરીર વધારે સૂક્ષ્મ છે.

[૩૯] તૈજસની પહેલાંનાં એટલે કે આહારક સુધીનાં શરીરો પ્રદેશોની અપેક્ષાએ અસંખ્યગુણ છે અર્થાત્ ક્રમશઃ પોતપોતાનાથી પૂર્વશરીરની અપેક્ષાએ અસંખ્યગુણ પ્રદેશોવાળાં છે.

[૪૦] આહારક પછીનાં તૈજસ અને કાર્મણ એ બે શરીરો ક્રમશઃ પૂર્વશરીરની અપેક્ષાએ અનંતગુણ પ્રદેશોવાળાં છે.

[૪૧-૪૩] આ બે શરીર પ્રતિઘાતથી રહિત છે અર્થાત્

४२. अनादि-सम्बन्धे च ।
४३. सर्वस्य ।
४४. तदादीनि भाज्यानि युगपदेकस्याऽऽचतुर्भ्यः ।
४५. निरुपभोगमन्त्यम् ।
४६. गर्भ-सम्मूर्छनजमाद्यम् ।
४७. वैक्रियमौपपातिकम् ।
४८. लब्धिप्रत्ययं च ।
४९. शुभं विशुद्धमव्याघाति चाहारकं चतुर्दश पूर्वधरस्यैवं ।

કોઈપણ જાતના પ્રતિઘાત (રૂકાવટ) વિના સંપૂર્ણ લોકમાં ગમે ત્યાં જઈ શકે છે, જીવ સાથે અનાદિથી સંબંધવાળા છે અને સંસારી સર્વજીવોને સદા હોય છે.

[૪૪] એકજીવને એકી સાથે બેથી ચાર શરીરો હોઈ શકે છે.

[૪૫] અંત્ય=કાર્મણ શરીર ઉપભોગથી રહિત છે. ઉપભોગ એટલે શુભાશુભ વિષયના સંપર્કથી થતો સુખ-દુઃખનો અનુભવ.

[૪૬] આદ્ય અર્થાત્ ઔદારિક શરીર ગર્ભ અને સંમૂર્ચ્છનથી ઉત્પન્ન થાય છે.

[૪૭-૪૮] વૈક્રિયશરીર ઉપપાતરૂપ નિમિત્તથી થાય છે અને લબ્ધિ (તપ આદિથી ઉત્પન્ન થયેલી શક્તિ)રૂપ નિમિત્તથી પણ થાય છે.

[૪૯] આહારકશરીર ચૌદપૂર્વધર મુનિને જ હોય છે. આ શરીર શુભ, અત્યંત વિશુદ્ધ અને અપ્રતિઘાતી હોય છે.

५०. नारक-सम्मूर्छिनो नपुंसकानि ।
५१. न देवाः ।
५२. औपपातिक-चरमदेहोत्तम-पुरुषाऽसंख्येय-
वर्षायुषोऽनपवर्त्यायुषः ।

[૫૦-૫૨] નારક અને સંમૂર્છિમજીવોને નપુંસકવેદ હોય છે. દેવોને નપુંસકવેદ હોતો નથી. ઔપપાતિક (દેવો, નારકો), ચરમદેહી (તે જ ભવે મોક્ષે જનારા), ઉત્તમપુરુષ (તીર્થંકર, ગણધર, ચક્રવર્તી વગેરે) અને અસંખ્યવર્ષ આયુષ્યવાળા એમ ચાર પ્રકારના જીવોનું આયુષ્ય અનપવર્ત્ય (નિમિત્ત મળવા છતાં ન ઘટે તેવું) હોય છે, અર્થાત્ અકાળે મૃત્યુ ન પામે, કિન્તુ આયુષ્ય પૂર્ણ થાય ત્યારે જ મૃત્યુ પામે.

# અધ્યાય-૩

१. रत्न-शर्करा-वालुका-पंक-घूम-तमो-महातमः- प्रभा भूमयोघनाऽम्बु-वाताकाश-प्रतिष्ठाःसप्ताऽधोऽधःपृथुतराः ।

२. तासु नरकाः ।

३. नित्याऽशुभतरलेश्या-परिणाम-देह-वेदना विक्रियाः ।

४. परस्परोदीरितदुःखाः ।

५. संक्लिष्टाऽसुरोदीरितदुःखाश्च प्राक् चतुर्थ्याः ।

[૧] રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, મહાતમઃપ્રભા એમ સાત પૃથ્વીઓ છે. એ સાત પૃથ્વીઓ, ઘનાંબુ, વાત અને આકાશને આધારે રહેલી છે, ક્રમશઃ એક-એકની નીચે આવેલી છે અને વધારે વધારે પહોળી છે.

[૨] રત્નપ્રભા આદિ દરેક પૃથ્વીમાં નરકો=નરકાવાસો આવેલા છે.

[૩] નરકના જીવોને (૧) લેશ્યા, (૨) પરિણામ, (૩) દેહ, (૪) વેદના અને (૫) વિક્રિયા સદા અશુભ હોય છે. નીચે નીચેની નરકમાં વધારે અશુભ હોય છે. **પરિણામ** એટલે પુદ્ગલના વર્ણ, ગંધ આદિ પરિણામ. **વિક્રિયા** એટલે ઉત્તર વૈક્રિયશરીર.

[૪] નારકો પરસ્પર ઉદીરિત (પરસ્પર નરકના જીવોથી કરાતા) દુઃખવાળા હોય છે.

[૫] ત્રીજી નરક સુધીના નારકો સંક્લિષ્ટઅસુરોથી= પરમાધામીથી પણ દુઃખ પામે છે.

६. तेष्वेक-त्रि-सप्त-दश-सप्तदश-द्वाविंशति-त्रय-
स्त्रिंशत् सागरोपमाः सत्त्वानां परा स्थितिः ।

७. जम्बूद्वीप-लवणादयः शुभनामनो द्वीप-समुद्राः ।

८. द्विर्द्विर्विष्कम्भाः पूर्वपूर्वपरिक्षेपिणो वलयाकृतयः ।

९. तन्मध्ये मेरुनाभिर्वृत्तो योजन-शत-सहस्त्र-
विष्कम्भो जम्बूद्वीपः ।

१०. तत्र भरत-हैमवत-हरि-विदेह-रम्यक्-हैरण्य-
वतैरावत-वर्षाः क्षेत्राणि ।

[૬] પ્રથમ નરક આદિમાં નારકીના આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ અનુક્રમે ૧, ૩, ૭, ૧૦, ૧૭, ૨૨, ૩૩ સાગરોપમની છે.

[૭] તિર્ચ્છાલોકમાં જંબૂદ્વીપ, લવણસમુદ્ર વગેરે શુભ નામવાળા અસંખ્યદ્વીપ અને સમુદ્રો આવેલા છે.

[૮] દ્વીપ-સમુદ્રો પૂર્વ-પૂર્વના દ્વીપ-સમુદ્રથી બમણા બમણા પહોળા છે. પૂર્વ-પૂર્વના દ્વીપ-સમુદ્રને વીંટળાઈને બંગડીના આકારે રહેલા છે.

[૯] સર્વ દ્વીપ-સમુદ્રોની મધ્યમાં ગોળ (થાળી સમાન) જંબૂ નામે દ્વીપ છે, તે એક લાખ યોજન પહોળો છે. તેની મધ્યમાં મેરુપર્વત આવેલો છે.

[૧૦] જંબૂદ્વીપમાં ક્રમશઃ ભરત, હૈમવત, હરિવર્ષ, મહાવિદેહ, રમ્યક્, હૈરણ્યવત અને ઐરાવત એ સાત ક્ષેત્રો આવેલાં છે.

११. तद्विभाजिनः पूर्वापरायता हिमवन्महाहिमव-
न्निषध-नील-रुक्मि-शिखरिणो-वर्षधर-पर्वताः ।

१२. द्विर्धातकी खण्डे ।

१३. पुष्करार्धे च ।

१४. प्राग्मानुषोत्तरान्मनुष्याः ।

१५. आर्या म्लिशश्च ।

१६. भरतैरावत-विदेहाः कर्मभूमयोऽन्यत्रदेव-
कुरूत्तरकुरुभ्यः ।

[૧૧] જંબૂદ્વીપમાં આવેલાં ભરત, હૈમવત વગેરે ક્ષેત્રોના વિભાગ કરનારા પૂર્વ-પશ્ચિમ લાંબા ક્રમશઃ હિમવાન્, મહાહિમવાન્, નિષધ, નીલ, રુક્મિ અને શિખરી એ છ પર્વતો આવેલા છે.

[૧૨] ધાતકીખંડમાં (બીજા દ્વીપમાં) ક્ષેત્રો અને પર્વતો જંબૂદ્વીપથી બમણાં છે.

[૧૩] પુષ્કરવર દ્વીપના (ત્રીજા દ્વીપના) અર્ધા ભાગમાં પણ ક્ષેત્રો અને પર્વતો બમણાં છે.

[૧૪] માનુષોત્તર પર્વતની પહેલાં મનુષ્યોનો વાસ છે.

[૧૫] આર્ય અને મ્લેચ્છ એમ મનુષ્યોના મુખ્ય બે ભેદો છે.

[૧૬] ૫ ભરત, ૫ ઐરાવત અને ૫ મહાવિદેહ એમ ૧૫ ક્ષેત્રો કર્મભૂમિ છે. પણ મહાવિદેહમાં આવેલા દેવકુરુ અને ઉત્તરકુરુ એ બે ક્ષેત્રો અકર્મભૂમિ છે.

१७. नृस्थिती परापरे त्रिपल्योपमाऽन्तर्मुहूर्ते ।
१८. तिर्यग्योनीनां च ।

[૧૭-૧૮] મનુષ્યોની અને તિર્યંચોની (પશુ, પક્ષી આદિની) ઉત્કૃષ્ટસ્થિતિ ત્રણ પલ્યોપમ અને જઘન્ય-સ્થિતિ અંતર્મુહૂર્ત છે.

## અધ્યાય-૪

१. देवाश्चतुर्निकायाः ।
२. तृतीयः पीतलेश्यः ।
३. दशाऽष्टपंचद्वादश-विकल्पाः कल्पोपपन्न-पर्यन्ताः ।
४. इन्द्र-सामानिक-त्रायस्त्रिंश-पारिषद्या-ऽऽत्मरक्ष-लोकपालाऽनीक-प्रकीर्णका-ऽऽभियोग्य किल्बिषिकाश्चैकशः ।

[૧] દેવો (ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક એમ) ચાર નિકાયના=પ્રકારના છે.

[૨] ત્રીજા પ્રકારના દેવો પીત લેશ્યાવાળા છે. અહીં લેશ્યા શબ્દ વર્ણના અર્થમાં છે, કારણ કે અધ્યવસાયરૂપ લેશ્યા તો છયે હોય છે. જ્યોતિષ્ક દેવોનો શારીરિક વર્ણ પીતલેશ્યા=તેજોલેશ્યા જેવો હોય છે.

[૩] કલ્પોપપન્ન સુધીના ભવનપતિ આદિ ચાર પ્રકારના દેવોના અનુક્રમે ૧૦, ૮, ૫, ૧૨ ભેદો છે.

[૪] ભવનપતિ આદિ પ્રત્યેક અવાંતર ભેદના ઇન્દ્ર,

५. त्रायस्त्रिंशलोकपालवर्ज्या व्यन्तर-ज्योतिष्काः ।
६. पूर्वयोर्द्वीन्द्राः ।
७. पीतान्त-लेश्याः ।

સામાનિક, ત્રાયસ્ત્રિંશ, પારિષાદ્ય, આત્મરક્ષ, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગ્ય, કિલ્બિષિક એ ૧૦ ભેદો છે. ઈન્દ્ર=સર્વ દેવોનો અધિપતિ. **સામાનિક**=ઈન્દ્રસમાન ઋદ્ધિવાળા. પિતા આદિની જેમ ઈન્દ્રને પણ પૂજનીય. **ત્રાયસ્ત્રિંશ**=ઈન્દ્રને સલાહ આપનાર મંત્રી. **પારિષાદ્ય**= ઈન્દ્રની સભાના સભ્યો. **આત્મરક્ષ**=ઈન્દ્રની રક્ષા માટે શસ્ત્રસહિત ઈન્દ્રની પાછળ ઊભા રહેનારા દેવો. **લોકપાલ** =પોલીસ કે ચોકિયાત સમાન. **અનીક**=લશ્કર તથા સેનાધિપતિ. **પ્રકીર્ણક**=પ્રજાસમાન સામાન્ય દેવો. **આભિયોગ્ય**=નોકર જેવા. **કિલ્બિષિક**=અંત્યજ જેવા હલકા દેવો.

[૫] વ્યંતર અને જ્યોતિષ્ક નિકાયમાં ત્રાયસ્ત્રિંશ અને લોકપાલ હોતા નથી.

[૬] પૂર્વના બે દેવનિકાયમાં (ભવનપતિ અને વ્યંતરમાં) બે બે ઈન્દ્રો છે.

[૭] પૂર્વના બે દેવનિકાય પીતલેશ્યા સુધીની લેશ્યાવાળા અર્થાત્ લેશ્યા જેવા શારીરિક વર્ણવાળા છે.

८. काय-प्रवीचारा आ-ऐशानात् ।
९. शेषाः स्पर्श-रूप-शब्द-मनः-प्रवीचारा द्वयोर्द्वयोः ।
१०.परेऽप्रवीचाराः ।
११.भवनवासिनोऽसुर-नाग-विद्युत्-सुपर्णाऽग्नि-वात-स्तनितोदधि-द्वीप-दिक्-कुमाराः ।
१२.व्यन्तराः किन्नर-किम्पुरुष-महोरग-गन्धर्व-यक्षराक्षस-भूत-पिशाचाः ।
१३.ज्योतिष्काः-सूर्याश्चन्द्रमसो-ग्रह-नक्षत्र-प्रकीर्णतारकाश्च ।

[૮] ઈશાન સુધીના દેવો કાયાથી પ્રવિચાર એટલે કે મૈથુનસેવન કરે છે.

[૯] ઈશાનથી ઉપરના બે બે કલ્પોમાં દેવો અનુક્રમે સ્પર્શ, રૂપ, શબ્દ વડે અને ૯ થી ૧૨ દેવલોકમાં દેવો મન વડે મૈથુન સેવન કરે છે.

[૧૦] પછીના એટલે કે ૧૨મા દેવલોકથી ઉપરના દેવોમાં મૈથુન સેવનનો અભાવ છે.

[૧૧] અસુરકુમાર, નાગકુમાર, વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાતકુમાર, સ્તનિતકુમાર, ઉદધિકુમાર, દ્વીપકુમાર, દિક્કુમાર-એ પ્રમાણે ભવનપતિ નિકાયના દશ ભેદોનાં નામો છે.

[૧૨] કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગાંધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ-એ પ્રમાણે વ્યંતરનિકાયના આઠ ભેદોનાં નામો છે.

[૧૩] જ્યોતિષ્ક નિકાયના સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને

१४. मेरु-प्रदक्षिणा नित्य-गतयो. नृ-लोके ।

१५. तत्कृतः काल-विभागः ।

१६. बहिरवस्थिताः ।

१७. वैमानिकाः ।

१८. कल्पोपपन्नाः कल्पातीताश्च ।

१९. उपर्युपरि ।

તારા એ પાંચ ભેદો છે.

[૧૪] ઉક્ત પાંચે પ્રકારના જ્યોતિષ્કનાં વિમાનો મનુષ્યલોકમાં સદા મેરુપર્વતને પ્રદક્ષિણા આપતાં પરિભ્રમણ કરે છે.

[૧૫] જ્યોતિષ્ક વિમાનોની ગતિથી કાળનો વિભાગ (ગણતરી) થાય છે.

[૧૬] મનુષ્યલોકની બહાર સર્વ જ્યોતિષ્ક વિમાનો અવસ્થિત= સ્થિર છે.

[૧૭] અહીંથી વૈમાનિકનિકાયના (ચોથા પ્રકારના) દેવોનો અધિકાર શરૂ થાય છે.

[૧૮] વૈમાનિકના કલ્પોપપન્ન અને કલ્પાતીત એમ બે પ્રકારો છે. જ્યાં નાના-મોટાનો કલ્પ=મર્યાદા છે તે દેવલોક કલ્પ કહેવાય છે. કલ્પમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પોપપન્ન છે અને કલ્પરહિત વિમાનોમાં ઉત્પન્ન થયેલા દેવો કલ્પાતીત છે.

[૧૯] વૈમાનિકનિકાયના દેવલોકો ઉપર ઉપર આવેલા છે.

२०. सौधर्मैशान-सानत्कुमार-माहेन्द्र-ब्रह्मलोक-
लान्तक-महाशुक्र-सहस्रारेष्वानत-प्राणतयो-
रारणा-च्युतयोर्नवसुग्रैवेयकेषु-विजय-वैजयन्त-
जयन्ताऽपराजितेषु सर्वार्थसिद्धे च ।

२१. स्थिति-प्रभाव-सुख-द्युति-लेश्या-विशुद्धी-
न्द्रीयावधि-विषयतोऽधिकाः ।

२२. गति-शरीर-परग्रहाऽभिमानतो हीनाः ।

२३. पीत-पद्म-शुक्ल-लेश्या-द्वि-त्रि-शेषेषु ।

[૨૦] ક્રમશઃ ઉપર ઉપર આવેલા સૌધર્મ, ઈશાન, સાનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત, નવ ગ્રૈવેયક, વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ દેવલોકમાં વૈમાનિક દેવો રહે છે.

[૨૧] સ્થિતિ, પ્રભાવ, સુખ, દ્યુતિ (દેહ આદિની કાંતિ), લેશ્યાવિશુદ્ધિ, ઈંદ્રિયવિષય અને અવધિવિષય એ સાત બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ અધિક અધિક હોય છે.

[૨૨] ગતિ, શરીર, પરિગ્રહ અને અભિમાન આ ચાર બાબતો ઉપર ઉપરના દેવોમાં ક્રમશઃ હીન હોય છે.

[૨૩] બે, ત્રણ અને શેષ દેવલોકમાં અનુક્રમે પીત, પદ્મ અને શુક્લલેશ્યા=તે તે લેશ્યા જેવો શારીરિક વર્ણ હોય છે.

२४. प्राग् ग्रैवेयकेभ्यः कल्पाः ।

२५. ब्रह्मलोकालया लोकान्तिकाः ।

२६. सारस्वतादित्य-वह्न्यरुण-गर्दतोय-तुषिता-ऽव्याबाध-मरुतोऽरिष्टाश्च ।

२७. विजयादिषु द्विचरमाः ।

[૨૪] ગ્રૈવેયકોની પૂર્વે કલ્પ=પૂજ્યપૂજકભાવ વગેરે મર્યાદા છે.

[૨૫] લોકાંતિક દેવોનું સ્થાન બ્રહ્મલોક છે.

[૨૬] સારસ્વત, આદિત્ય, વહ્નિ, અરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, મરુત અને અરિષ્ટ એમ નવ પ્રકારના લોકાંતિક દેવો છે.

[૨૭] વિજયાદિ ચાર વિમાનના દેવોને મનુષ્યના બે જ ભવો કરવા પડે છે. વિજયાદિ વિમાનમાંથી ચ્યવી મનુષ્યગતિમાં આવે છે. મૃત્યુ પામી પુનઃ વિજયાદિમાં ઉત્પન્ન થાય છે. ત્યાંથી ચ્યવી મનુષ્યગતિમાં આવે છે અને સંયમ સાધના કરી મોક્ષ પામે છે. આ પ્રમાણે અહીં બે ભવ મનુષ્યની અપેક્ષાએ છે. અન્યથા દેવભવની સાથે ત્રણ ભવ થાય છે. મનુષ્યભવમાં જ મોક્ષની પ્રાપ્તિ થતી હોવાથી સૂત્રમાં મનુષ્યભવની અપેક્ષાએ વિજયાદિ દેવોને દ્વિચરમ કહેલ છે. સર્વાર્થસિદ્ધ વિમાનના દેવો નિયમા એકાવતારી હોય છે.

२८. औपपातिक-मनुष्येभ्यः शेषास्तिर्यग्योनयः ।

२९. स्थितिः ।

३०. भवनेषु दक्षिणार्धाऽधिपतीनां पल्योपममध्यर्धम् ।

३१. शेषाणां पादोने ।

३२. असुरेन्द्रयोः सागरोपममधिकं च ।

३३. सौधर्मादिषु यथाक्रमम् ।

३४. सागरोपमे ।

३५. अधिके च ।

[૨૮] ઔપપાતિક (દેવ-નારક) અને મનુષ્ય સિવાયના જીવો તિર્યગ્યોનિ=તિર્યંચ છે.

[૨૯] અહીંથી સ્થિતિ=(આયુષનો કાળ) શરૂ થાય છે.

[૩૦] ભવનોમાં દક્ષિણાર્ધ ઇંદ્રોની ૧।। પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૩૧] શેષ (ભવનપતિના ઉત્તરાર્ધના) ઇંદ્રોની ૧।।। પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૩૨] દક્ષિણાર્ધાધિપતિ ચરમની ૧ સાગરોપમ અને ઉત્તરાર્ધાધિ-પતિ બલિની સાધિક ૧ સાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૩૩] નીચેનાં સૂત્રોમાં જે સ્થિતિ કહેવાશે તે ક્રમશઃ સૌધર્મ આદિ દેવલોકના દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૩૪] સૌધર્મકલ્પમાં ૨ સાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૩૫] ઈશાન કલ્પમાં સાધિક ૨ સાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

३६. सप्त सानत्कुमारे ।

३७. विशेष-त्रि-सप्त-दशैकादश-त्रयोदश-पंचदश-भिरधिकानि च ।

३८. आरणाच्युतादूर्ध्वमेकैकेन नवसु ग्रैवेयकेषु विजयादिषु सर्वार्थसिद्धे च ।

३९. अपरा पल्योपममधिकं च ।

[૩૬] સાનત્કુમારકલ્પમાં ૭ સાગરોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૩૭] સાત સંખ્યાંમાં વિશેષ, ૩, ૭, ૧૦, ૧૧, ૧૩, ૧૫ સાગરોપમ વધારવાથી અનુક્રમે માહેન્દ્ર આદિ કલ્પના દેવોની ઉત્કૃષ્ટસ્થિતિ થાય છે. (૪માં ૭+વિશેષ=સાધિક ૭, ૫માં ૭+૩=૧૦, ૬માં ૭+૭=૧૪, ૭માં ૭+૧૦=૧૭, ૮માં ૭+૧૧=૧૮, ૯-૧૦માં ૭+૧૩= ૨૦, ૧૧-૧૨માં ૭+૧૫=૨૨ સાગરોપમ)

[૩૮] ૧૧-૧૨મા કલ્પની સ્થિતિ પછી એક-એક સાગરોપમની વૃદ્ધિ કરવાથી અનુક્રમે નવગ્રૈવેયક, વિજયાદિ ચાર અને સર્વાર્થસિદ્ધની ઉત્કૃષ્ટસ્થિતિ થાય છે. (પ્રથમ ગ્રવૈયકમાં ૨૩ સાગરોપમ, ૯મા ગ્રૈવેયકમાં ૩૧, વિજયાદિ-૪માં ૩૨, સર્વાર્થસિદ્ધમાં ૩૩ સાગરોપમ.)

[૩૯] સૌધર્મમાં ૧ પલ્યોપમ, ઈશાનમાં સાધિક ૧ પલ્યોપમ જઘન્યસ્થિતિ છે.

४०. सागरोपमे ।

४१. अधिके च ।

४२. परतः परतः पूर्वा पूर्वाऽनन्तरा ।

४३. नारकाणां च द्वितीयादिषु ।

४४. दशवर्षसहस्राणि प्रथमायाम् ।

४५. भवनेषु च ।

४६. व्यन्तराणां च ।

४७. परा पल्योपमम् ।

४८. ज्योतिष्काणामधिकम् ।

[૪૦] સાનત્કુમારમાં ૨ સાગરોપમ જઘન્યસ્થિતિ છે.

[૪૧] માહેન્દ્રમાં સાધિક ૨ સાગરોપમ જઘન્યસ્થિતિ છે.

[૪૨] માહેન્દ્ર પછીના દેવલોકમાં પોતપોતાની પૂર્વના દેવલોકની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણે જઘન્યસ્થિતિ છે.

[૪૩] બીજીથી સાતમી નરક સુધીમાં જઘન્યસ્થિતિ પોત-પોતાની પૂર્વના નરકની ઉત્કૃષ્ટસ્થિતિ પ્રમાણે છે.

[૪૪] પ્રથમ નરકમાં જઘન્યસ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

[૪૫] ભવનપતિનિકાયમાં જઘન્યસ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

[૪૬] વ્યંતરનિકાયમાં જઘન્યસ્થિતિ ૧૦ હજાર વર્ષ છે.

[૪૭] વ્યંતરદેવોની ૧ પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૪૮] જ્યોતિષ્કદેવોની સાધિક ૧ પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

४९. ग्रहाणामेकम् ।
५०. नक्षत्राणमर्धम् ।
५१. तारकाणां चतुर्भागः ।
५२. जघन्या त्वष्टभागः ।
५३. चतुर्भागः शेषाणाम् ।

[૪૯] ગ્રહોની ૧ પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૫૦] નક્ષત્રોની ૦ાા પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૫૧] તારાઓની ૦। પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

ગ્રહ, નક્ષત્ર અને તારાની ઉત્કૃષ્ટસ્થિતિ ૪૯, ૫૦, ૫૧ સૂત્રમાં કહી હોવાથી ૪૮મા સૂત્રમાં સૂર્ય અને ચંદ્રની ઉત્કૃષ્ટસ્થિતિ જણાવી છે. સૂર્યની હજાર વર્ષ અધિક ૧ પલ્યોપમ અને ચંદ્રની લાખ વર્ષ અધિક ૧ પલ્યોપમ ઉત્કૃષ્ટસ્થિતિ છે.

[૫૨] તારાઓની ૧/૮ પલ્યોપમ જઘન્યસ્થિતિ છે.

[૫૩] શેષ જ્યોતિષ્કોની ૦। પલ્યોપમ જઘન્યસ્થિતિ છે. (તારાઓની જઘન્યસ્થિતિ ઉપરના સૂત્રમાં કહેવાઈ ગઈ છે. સૂર્ય-ચંદ્ર-ગ્રહ-નક્ષત્રમાં પણ સૂર્ય-ચંદ્ર-ઇંદ્રોની, તેમની ઇંદ્રાણીઓની અને વિમાનાધિપતિ દેવોની જઘન્યસ્થિતિ નથી, આથી અહીં શેષ તરીકે સૂર્યાદિ ચારના વિમાનોમાં રહેનારા સામાન્ય દેવો સમજવા.)

# અધ્યાય-૫

१. अजीवकाया धर्माऽधर्माऽऽकाश-पुद्गलाः ।
२. द्रव्याणि जीवाश्च ।
३. नित्याऽवस्थितान्यरूपाणि ।
४. रूपिणः पुद्गलाः ।
५. आ-आकाशादेकद्रव्याणि ।
६. निष्क्रियाणि च ।

[૧] ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ એ ચાર (દ્રવ્યો) અજીવકાય છે.

[૨] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને જીવો એ પાંચ દ્રવ્યો છે.

[૩] એ પાંચ દ્રવ્યો નિત્ય અને અવસ્થિત=સ્થિર છે. તથા પુદ્ગલ સિવાયના ચાર દ્રવ્યો અરૂપી છે. (જેના ધર્મોનો વિનાશ ન થાય તે નિત્ય. જેના ધર્મોનું અન્યમાં પરાવર્તન =સંક્રમણ ન થાય તે અવસ્થિત.)

[૪] પુદ્ગલો રૂપી=રૂપવાળા છે. (ઉપલક્ષણથી સ્પર્શ, રસ, ગંધ વગેરે ગુણો પણ પુદ્ગલમાં જ હોય છે. ઈન્દ્રિયો દ્વારા જે કોઈ વસ્તુ દેખાય છે તે સર્વ પુદ્ગલ જ છે.)

[૫-૬] આકાશ સુધીનાં દ્રવ્યો એક-એક છે અને ક્રિયારહિત છે.

७. असंख्येयाः प्रदेशा धर्माऽधर्मयोः ।
८. जीवस्य च ।
९. आकाशस्याऽनन्ताः ।
१०. संख्येयाऽसंख्येयाश्च पुद्‌गलानाम् ।
११. नाऽणोः ।
१२. लोकाकाशेऽवगाहः ।
१३. धर्माऽधर्मयोः कृत्स्ने ।
१४. एक-प्रदेशादिषु भाज्यः पुद्‌गलानाम् ।
१५. असंख्येय-भागादिषु जीवानाम् ।

[૭-૧૦] ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને પ્રત્યેક જીવના અસંખ્યાત, આકાશના અનંતા, પુદ્‌ગલદ્રવ્યના યથાસંભવ સંખ્યાતા, અસંખ્યાતા અને અનંતાપ્રદેશો છે. (વસ્તુ સાથે પ્રતિબદ્ધ અવિભાજ્ય અંતિમ સૂક્ષ્મ અંશ પ્રદેશ કહેવાય છે.)

[૧૧] અણુના=પરમાણુના પ્રદેશો નથી.

[૧૨] ધર્માસ્તિકાય આદિ ચારદ્રવ્યો લોકાકાશમાં રહેલાં છે.

[૧૩-૧૫] ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય સંપૂર્ણ લોકાકાશમાં રહે છે. લોકાકાશના એકપ્રદેશથી આરંભી (લોકાકાશ પ્રમાણ) અસંખ્યપ્રદેશો સુધીમાં પુદ્‌ગલ દ્રવ્ય-સ્કંધ રહે છે. લોકાકાશના અંગુલના અસંખ્યાતમા ભાગથી આરંભી સંપૂર્ણ લોકાકાશ સુધીમાં જીવદ્રવ્ય રહે છે.

१६. प्रदेश-संहार-विसर्गाभ्यां प्रदीपवत् ।
१७. गति-स्थित्युपग्रहो धर्माऽधर्मयोरुपकारः ।
१८. आकाशस्याऽवगाहः ।
१९. शरीर वाङ्मनः-प्राणापानाः पुद्गलानाम् ।

[૧૬] જીવના પ્રદેશોનો દીપકની જેમ સંકોચ વિકાસ થવાથી જીવની ભિન્ન-ભિન્ન (=વધારે ઓછી) અવગાહના થાય છે. (આથી સસલાના શરીરમાં રહેલો જીવ મૃત્યુ થતાં હાથીના સંપૂર્ણ શરીરમાં અને હાથીના શરીરમાં રહેલો જીવ મૃત્યુ થતાં સસલાના શરીરમાં રહી શકે છે.)

[૧૭] ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો અનુક્રમે ગતિ-ઉપગ્રહ અને સ્થિતિ-ઉપગ્રહ એ ઉપકાર છે. ઉપગ્રહ=નિમિત્ત-કારણ. ઉપકાર=કાર્ય. જીવ અને પુદ્ગલોનો ગતિ અને સ્થિતિ કરવાનો સ્વભાવ છે. જીવ અને પુદ્ગલો જયારે ગતિ કરે છે ત્યારે ધર્માસ્તિકાય ગતિમાં અને સ્થિતિ કરે છે ત્યારે અધર્માસ્તિકાય સ્થિતિમાં સહાય કરે છે. (જોવામાં આંખને પ્રકાશ સહાય કરે છે તેમ.)

[૧૮] આકાશનો અવગાહ (=જગા આપવી) ઉપકાર છે.

[૧૯] શરીર, વાણી, મન, પ્રાણાપાન=શ્વાસોશ્વાસ એ પુદ્ગલનો ઉપકાર=કાર્ય છે અર્થાત્ શરીર આદિ પુદ્ગલના પરિણામરૂપ છે.

२०. सुख-दुःख-जीवित-मरणोपग्रहाश्च ।
२१. परस्परोपग्रहो जीवानाम् ।
२२. वर्तना परिणामः क्रिया परत्वाऽपरत्वे च कालस्य ।
२३. स्पर्श-रस-गन्धवर्णन्तः पुद्गलाः ।
२४. शब्द-बन्ध-सौक्ष्म्य-स्थौल्य-संस्थान-भेद-तम-श्छायाऽऽपोद्योतवन्तश्च ।

[૨૦] તથા સુખ-દુઃખ, જીવન અને મરણ પણ પુદ્ગલોનો ઉપકાર=કાર્ય છે.

[૨૧] પરસ્પર સહાય કરવી એ જીવોનો ઉપકાર છે.

[૨૨] વર્તના, પરિણામ, ક્રિયા, પરત્વ અને અપરત્વ એ કાળનો ઉપકાર છે.

(૧) **વર્તના**=પ્રતિસમય દ્રવ્યનું વર્તવું=હોવું તે.

(૨) **પરિણામ**=પોતાની સત્તાનો ત્યાગ કર્યા વિના દ્રવ્યમાં થતો ફેરફાર.

(૩) **ક્રિયા**=ગતિ.

(૪) **પરત્વાપરત્વ**=જૂનો-નવો, મોટો-નાનો વગેરે.

[૨૩-૨૪] પુદ્ગલો સ્પર્શ, રસ, ગંધ અને વર્ણવાળા તથા પુદ્ગલો શબ્દ, બંધ, સૂક્ષ્મતા, સ્થૂલતા, સંસ્થાન, ભેદ, અંધકાર, છાયા, આતપ અને ઉદ્યોતવાળા પણ છે. સ્પર્શાદિ ચારેય પરમાણુ અને સ્કંધ એ બંનેમાં અવશ્ય હોય. શબ્દાદિ સ્કંધમાં જ હોય, તે પણ અમુક જ સ્કંધમાં હોય.

२५. अणवः स्कन्धाश्च ।

२६. संघात-भेदेभ्य उत्पद्यन्ते ।

२७. भेदादणुः ।

२८. भेद-संघाताभ्यां चाक्षुषाः ।

२९. उत्पाद-व्यय-ध्रौव्य-युक्तं सत् ।

[૨૫] પુદ્‌ગલના પરમાણુ અને સ્કંધ એમ બે ભેદ છે. **પરમાણુ**=સ્કંધમાંથી છૂટો પડેલો પુદ્‌ગલનો છેલ્લામાં છેલ્લો અવિભાજ્ય અંશ. સ્કંધ-પરસ્પર જોડાયેલા બે વગેરે પરમાણુઓનો જથ્થો.

[૨૬] સ્કંધો સંઘાત, ભેદ અને સંઘાત-ભેદ એ ત્રણ કારણોથી ઉત્પન્ન થાય છે. **સંઘાત**=પુદ્‌ગલો કે સ્કંધોનું જોડાવું=ભેગા થવું. ભેદ=સ્કંધોમાંથી છૂટા પડવું.

[૨૭] પરમાણુ સ્કંધના ભેદથી ઉત્પન્ન થાય છે.

[૨૮] ભેદ અને સંઘાતથી ઉત્પન્ન થયેલા સ્કંધો જ ચક્ષુથી ગ્રાહ્ય બને છે=જોઈ શકાય છે.

તાત્પર્ય-અત્યંત સ્થૂલપરિણામી સ્કંધો જ ચક્ષુથી જોઈ શકાય છે. એ સ્કંધો કેવળ ભેદ કે કેવળ સંઘાતથી ઉત્પન્ન થતા નથી, પણ ભેદ અને સંઘાતથી જ ઉત્પન્ન થાય છે.

[૨૯] ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી યુક્ત હોય તે સત્ કહેવાય. **ઉત્પાદ**=ઉત્પત્તિ. વ્યય=નાશ. ધ્રૌવ્ય=સ્થિરતા. દરેક વસ્તુ પ્રતિસમય પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે અને નાશ પામે છે, દ્રવ્યરૂપે સ્થિર પણ રહે છે.

३०. तद्-भावाऽव्ययं नित्यम् ।

३१. अर्पिताऽनर्पित-सिद्धेः ।

३२. स्निग्ध-रुक्षत्वाद् बन्धः ।

३३. न जघन्य-गुणानाम् ।

[૩૦] જે વસ્તુ પોતાના ભાવથી રહિત ન બને તે નિત્ય. નિત્યતાની આ વ્યાખ્યા દરેક સત્ વસ્તુમાં ઘટે છે, કારણ કે દરેક સત્ વસ્તુ પરિવર્તન પામવા છતાં પોતાના ભાવને=મૂળ સ્વરૂપને છોડતી નથી. પરિવર્તન પામે છે એટલે અનિત્ય છે અને પોતાના મૂળ સ્વરૂપને છોડતી નથી માટે નિત્ય પણ છે.

[૩૧] એક જ વસ્તુમાં નિત્યતા, અનિત્યતા વગેરે પરસ્પર વિરુદ્ધ ધર્મોની સિદ્ધિ અર્પિતથી=અપેક્ષાથી અને અનર્પિતથી= અપેક્ષાના અભાવથી થાય છે. પર્યાયની અપેક્ષાથી અનિત્યતા આદિની અને પર્યાયની અપેક્ષાના અભાવથી (=દ્રવ્યની અપેક્ષાથી) નિત્યતા આદિ ધર્મોની સિદ્ધિ થાય છે.

[૩૨] બંધ એટલે પુદ્ગલોનો પરસ્પર સંશ્લેષ=જોડાણ. પુદ્ગલમાં રહેલ સ્નિગ્ધ અને રૂક્ષ સ્પર્શથી પુદ્ગલોનો (પરમાણુ કે સ્કંધોનો) પરસ્પર બંધ થાય છે.

[૩૩] જઘન્ય ગુણવાળા પરમાણુઓનો પરસ્પર બંધ થતો નથી. સૌથી ઓછો ગુણ જે પરમાણુમાં હોય તે પરમાણુ જઘન્યગુણ કે એકગુણ કહેવાય.

३४. गुण-साम्ये सदृशानाम् ।
३५. द्व्यधिकादिगुणानां तु ।

**સ્પષ્ટતા**-જઘન્યગુણ સ્નિગ્ધ પરમાણુનો જઘન્યગુણ રૂક્ષ કે જઘન્યગુણ સ્નિગ્ધ પરમાણુની સાથે બંધ ન થાય. તે જ પ્રમાણે જઘન્યગુણ રૂક્ષ પરમાણુનો જઘન્યગુણ સ્નિગ્ધ કે જઘન્યગુણ રૂક્ષ પરમાણુ સાથે બંધ ન થાય.

[૩૪] સદશ પરમાણુઓમાં ગુણસામ્ય (ગુણની સમાનતા) હોય તો બંધ થતો નથી. અહીં સદશતા સ્નિગ્ધ કે રૂક્ષગુણની અપેક્ષાએ સમજવી. એટલે કે સ્નિગ્ધગુણવાળો પરમાણુ અન્ય સ્નિગ્ધ ગુણવાળા પરમાણુની અપેક્ષાએ સદશ છે. એમ રૂક્ષગુણવાળો પરમાણુ અન્ય રૂક્ષગુણવાળા પરમાણુની અપેક્ષાએ સદશ છે. ગુણસામ્ય એટલે ગુણની તરતમતાનો અભાવ.

[૩૫] સદશ પરમાણુઓમાં ગુણવૈષમ્ય હોવા ઉપરાંત દ્વિગુણ વગેરે સ્પર્શથી અધિકતા હોય તો પરસ્પર બંધ થાય. પૂર્વસૂત્રમાં સદશ પરમાણુઓમાં ગુણસામ્ય હોય તો બંધ ન થાય એમ કહ્યું છે.

એનો અર્થ એ થયો કે સદશ પરમાણુઓમાં ગુણવૈષમ્ય હોય તો બંધ થાય. આ સૂત્રથી સદશ પરમાણુઓમાં ગુણવૈષમ્ય હોય તો પણ બંધનો નિષેધ

३६. बन्धे समाधिकौ पारिणामिकौ ।

३७. गुण-पर्यायवद् द्रव्यम् ।

३८. कालश्चेत्येके ।

३९. सोऽनन्त-समयः ।

४०. द्रव्याश्रया निर्गुणा गुणाः ।

કરવામાં આવ્યો છે. તે આ પ્રમાણે-સદૃશ પરમાણુઓમાં માત્ર એક ગુણવૈષમ્ય હોય તો બંધ ન થાય, જેમકે - ચતુર્ગુણ સ્નિગ્ધ પરમાણુનો પંચગુણ સ્નિગ્ધ પરમાણુ સાથે બંધ ન થાય, પણ છગુણ સ્નિગ્ધ પરમાણુ સાથે બંધ થાય.

[૩૬] બંધ થયા બાદ સમગુણ અને અધિકગુણ અનુક્રમે સમગુણ અને હીનગુણને પોતાના રૂપે પરિણમાવે છે.

[૩૭] જેમાં ગુણો (સદા રહેનારા જ્ઞાનાદિ અને સ્પર્શાદિ ધર્મો) અને પર્યાયો (ઉત્પન્ન થનારા તથા નાશ પામનારા જ્ઞાનોપયોગ આદિ તથા શુક્લરૂપ આદિ ધર્મો) હોય તે દ્રવ્ય કહેવાય.

[૩૮] કેટલાક આચાર્યો કાળને પણ દ્રવ્ય તરીકે માને છે.

[૩૯] કાળ અનંત સમય પ્રમાણ છે. સમય એટલે કાળનો અંતિમ અવિભાજ્ય સૂક્ષ્મ અંશ.

[૪૦] જે દ્રવ્યમાં રહે અને સ્વયંગુણોથી રહિત હોય તે ગુણ. યદ્યપિ પર્યાયો પણ ગુણરહિત હોય છે, છતાં તે

४१. तद्भावः परिणामः ।
४२. अनादिरादिमांश्च ।
४३. रूपिष्वादिमान् ।
४४. योगोपयोगौ जीवेषु ।

દ્રવ્યમાં સદા હોતા નથી, જ્યારે ગુણો સદા રહે છે. અસ્તિત્વ, જ્ઞાન, દર્શન વગેરે જીવના ગુણો છે. અસ્તિત્વ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ વગેરે પુદ્ગલના ગુણો છે, ઘટજ્ઞાન વગેરે જીવના પર્યાયો છે. શુક્લરૂપ વગેરે પુદ્ગલના પર્યાયો છે.

[૪૧] તેનો=દ્રવ્યોનો અને ગુણોનો ભાવ એ પરિણામ છે, અર્થાત્ સ્વજાતિનો=દ્રવ્યત્વનો કે ગુણત્વનો ત્યાગ કર્યા વિના દ્રવ્યોનો કે ગુણોનો જે વિકાર તે પરિણામ.

[૪૨] પરિણામ અનાદિ અને આદિમાન (નવો બનતો) એમ બે પ્રકારે છે.

[૪૩] રૂપી દ્રવ્યોમાં (પુદ્ગલોમાં) આદિમાન પરિણામ હોય છે.

[૪૪] જીવોમાં યોગ અને ઉપયોગ એ બે પરિણામો આદિમાન છે. પુદ્ગલના સંબંધથી ઉત્પન્ન થતો વીર્યરૂપ પરિણામવિશેષ યોગ છે. જ્ઞાન અને દર્શન ઉપયોગ છે.

# અધ્યાય-૬

१. काय-वाङ्-मनः-कर्मयोगः ।

२. स आश्रवः ।

३. शुभः पुण्यस्य ।

४. अशुभः पापस्य ।

५. सकषायाऽकषाययोः साम्परायिकेर्यापथयोः ।

[૧] કાયા, વચન અને મનની ક્રિયા એ યોગ છે.

[૨] તે યોગ આસ્રવ છે. આસ્રવ=કર્મને આત્મામાં પ્રવેશવાનું દ્વાર. જેમ બારી દ્વારા કચરો મકાનમાં આવે છે તેમ યોગ દ્વારા આત્મામાં કર્મરૂપી કચરો આવે છે, માટે યોગ આસ્રવ છે.

[૩-૪] કાયાદિ પ્રત્યેક યોગના શુભ અને અશુભ એવા બે ભેદ છે. આત્માના શુભ પરિણામથી=અધ્યવસાયથી ઉત્પન્ન થતો યોગ શુભયોગ અને આત્માના અશુભ પરિણામથી= અધ્યવસાયથી ઉત્પન્ન થતો યોગ અશુભયોગ. તેમાં શુભયોગ પુણ્યનો=શુભકર્મનો આસ્રવ છે અને અશુભયોગ પાપનો=અશુભકર્મનો આસ્રવ છે.

[૫] કષાય સહિત આત્માનો યોગ સામ્પરાયિક (=રસસહિત) કર્મબંધનો આસ્રવ બને છે અને કષાય રહિત આત્માનો યોગ ઈર્યાપથ (=રસરહિત) કર્મબંધનો આસ્રવ બને છે. સમ્પરાય એટલે સંસાર.

૬. अव्रत-कषायेन्द्रिय-क्रियाः पंच-चतुः-पंच-पंचविंशतिसंख्याः पूर्वस्य भेदाः ।

૭. तीव्र-मन्द-ज्ञाताऽज्ञात-भाव-वीर्याऽधिकरण-विशेषेभ्यस्तद्विशेषः ।

૮. अधिकरणं जीवाऽजीवाः ।

૯. आद्यं संरम्भ-समारम्भाऽऽरम्भ-योग-कृत-कारिताऽ-नुमत-कषाय-विशेषैस्त्रिस्त्रिस्त्रिश्चतुश्चैकशः ।

[૬] પાંચ ઇન્દ્રિયો, ચાર કષાયો, પાંચ અવ્રતો, પચીસ ક્રિયાઓ એમ કુલ-૩૯ ભેદો સાંપરાયિક આસ્રવના છે.

[૭] તીવ્રભાવ, મંદભાવ, જ્ઞાતભાવ (જાણીને), અજ્ઞાતભાવ (અજાણથી), વીર્ય (=શક્તિ) અને અધિકરણના (સાધનોના) ભેદથી પરિણામમાં ભેદ પડવાથી કર્મબંધમાં ભેદ પડે છે.

[૮] જીવરૂપ અને અજીવરૂપ એમ અધિકરણના બે ભેદો છે. કેવળ જીવથી કે અજીવથી આસ્રવ થાય જ નહિ. જીવ અને અજીવ બંને હોય તો જ આસ્રવ થાય. માટે અહીં જીવ અને અજીવ એ બંનેને આસ્રવરૂપ કહ્યા છે. તેમાં જીવ આસ્રવનો કર્તા છે અને અજીવ આસ્રવમાં સહાયક છે.

[૯] સંરંભ, સમારંભ, આરંભ, ત્રણયોગ, કૃત, કારિત, અનુમત, ચારકષાય-આ સર્વના સંયોગથી જીવાધિકરણના ૧૦૮ ભેદો છે. (૩x૩=૯, ૯x૩=૨૭, ૨૭x૪=૧૦૮)

१०. निर्वर्तना-निक्षेप-संयोग-निसर्गा द्वि-चतुर्द्वि-त्रि-भेदाः परम् ।

[૧૦] નિર્વર્તના, નિક્ષેપ, સંયોગ અને નિસર્ગ એ ચાર પ્રકારે અજીવાધિકરણ છે. તેમના ક્રમશઃ ૨-૪-૨-૩ ભેદો છે.

**નિર્વર્તના**=રચના. નિર્વર્તના મૂલગુણ અને ઉત્તરગુણ એમ બે ભેદ છે.

(૧) **મૂલગુણ નિર્વર્તના**=ઔદારિક આદિ પાંચ શરીર, ભાષા, મન અને શ્વાસોશ્વાસની નિર્વર્તના=રચના એ મૂલગુણ નિર્વર્તના છે.

(૨) **ઉત્તરગુણ નિર્વર્તના**=કાષ્ઠ, તલવાર આદિની રચના એ ઉત્તરગુણ નિર્વર્તના છે.

**નિક્ષેપ**=મૂકવું.

નિક્ષેપના ચાર ભેદ છે.

(૧) **અપ્રત્યવેક્ષિત નિક્ષેપાધિકરણ**-ભૂમિને દૃષ્ટિથી જોયા વિના વસ્તુ મૂકવી.

(૨) **દુષ્પ્રમાર્જિત નિક્ષેપાધિકરણ**-જેમ તેમ પ્રમાર્જન કરીને અથવા પ્રમાર્જન કર્યા વિના વસ્તુ મૂકવી.

(૩) **સહસાનિક્ષેપાધિકરણ**-સહસા જોયા વિનાની અને પૂંજ્યા વિનાની ભૂમિ ઉપર વસ્તુ મૂકવી.

(૪) **અનાભોગનિક્ષેપાધિકરણ**-વિસ્મૃતિ થવાથી ઉપયોગ

વિના, પૂંજ્યા કે પ્રમાર્જન કર્યા વિના વસ્તુ મૂકવી.

**સંયોગ**=ભેગું કરવું, જોડવું.

સંયોગ બે પ્રકારે છે.

(૧) **ભક્તપાનસંયોગ**=રોટલી આદિની સાથે શાક, ગોળ, મુરબ્બો આદિનો સંયોગ કરવો, દૂધમાં સાકર નાખવી.

(૨) **ઉપકરણસંયોગ**-એક કપડું નવું હોય તો બીજું પણ નવું વાપરવું વગેરે.

**નિસર્ગ**=ત્યાગ. નિસર્ગના મન, વચન અને કાયા એમ ત્રણ ભેદ છે.

(૧) **મનોનિસર્ગ**-શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ વિચાર કરવો તે. અહીં મનનો ત્યાગ એટલે મનરૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોનો ત્યાગ. મનરૂપે પરિણમાવેલા મનોવર્ગણાના પુદ્ગલોનો ત્યાગ એટલે જ વિચાર.

(૨) **ભાષાનિસર્ગ**-શાસ્ત્રાજ્ઞાથી વિરુદ્ધ બોલવું. અહીં પણ ભાષાનો ત્યાગ એટલે ભાષારૂપે પરિણમાવેલા ભાષાવર્ગણાના પુદ્ગલોનો ત્યાગ. ભાષારૂપે પરિણમાવેલા ભાષાવર્ગણાના પુદ્ગલોનો ત્યાગ એટલે જ ભાષા=બોલવું.

(૩) કાયાનિસર્ગ=શસ્ત્ર, અગ્નિપ્રવેશ, જલપ્રવેશ, પાશબંધન આદિથી કાયાનો ત્યાગ કરવો.

११. तत्प्रदोष-निह्नव-मात्सर्याऽन्तराया-ऽऽसादनोपघाता ज्ञान-दर्शनाऽऽवरणयोः ।

१२. दुःख-शोक-तापाऽऽक्रन्दन-वध-परिदेवनान्याऽऽत्म-परोभय-स्थान्यसद्वेद्यस्य ।

१३. भूतव्रत्यनुकम्पा दानं सराग-संयमादियोगः क्षान्तिः शौचमिति सद्वेद्यस्य ।

[૧૧] જ્ઞાન, જ્ઞાની અને જ્ઞાનનાં સાધનો વિશે યથાસંભવ પ્રદોષ (દ્વેષ), નિહ્નવ (અપલાપ), માત્સર્ય, અંતરાય, આસાદન (અનાદર) અને ઉપઘાત (નાશ) એ જ્ઞાનાવરણીય કર્મના આસ્રવો છે.

[૧૨] દુઃખ, શોક, સંતાપ, આક્રંદ (કરુણ રુદન), વધ, (મત્યુ કે માર) અને પરિદેવન (વિલાપ) સ્વયં અનુભવે કે અન્યને અનુભવ કરાવે તો અસાતાવેદનીય કર્મના આસ્રવો બને છે. ક્રોધાદિ કષાયના આવેશથી દુઃખાદિનો અનુભવ આસ્રવ છે, પણ આત્મશુદ્ધિના ધ્યેયથી સ્વેચ્છાએ સ્વીકારાતું દુઃખ વગેરે આસ્રવ નથી.

[૧૩] સર્વજીવો પ્રત્યે દયા, શ્રાવક-સાધુ વિષે ભક્તિ, દાન, સરાગસંયમ (અતિચારવાળું સર્વચારિત્ર), દેશવિરતિ, પરાધીનપણે કષ્ટસહન, મોક્ષના આશયથી રહિત તપ, ક્ષમા, તૃષ્ણાના અભાવરૂપ શૌચ વગેરે સાતાવેદનીયના આસ્રવો છે. તદુપરાંત

१४. केवलि-श्रुत-संघ-धर्म-देवाऽवर्णवादो दर्शनमोहस्य ।
१५. कषायोदयात्तीव्रात्मपरिणामश्चारित्र-मोहस्य ।
१६. बह्वारम्भ-परिग्रहत्वं च नारकस्यायुषः ।
१७. माया तैर्यग्योनस्य ।
१८. अल्पारम्भ-परिग्रहत्वं स्वभाव-मार्दवार्जवं च मानुषस्य ।
१९. निःशील-व्रतत्वं च सर्वेषाम् ।

ધર્મરાગ, તપ, વૈયાવચ્ચ, દેવગુરુભક્તિ, માતા-પિતાની સેવા વગેરે સમજવાં.

[૧૪] કેવળીનો, શ્રુતનો, સંઘનો, ધર્મનો અને દેવોનો અવર્ણવાદ એ દર્શનમોહના આસ્રવો છે.

[૧૫] કષાયનો તીવ્ર પરિણામ ચારિત્રમોહનો આસ્રવ છે.

[૧૬] અતિશય આરંભ અને અતિશય પરિગ્રહ નરક આયુષ્યના આસ્રવો છે.

[૧૭] માયા તિર્યંચ આયુષ્યનો આસ્રવ છે.

[૧૮] અલ્પ આરંભ, અલ્પ પરિગ્રહ, અકૃત્રિમ નમ્રતા અને સરળતા, આ મનુષ્ય આયુષ્યના આસ્રવો છે.

[૧૯] શીલ અને વ્રતના પરિણામનો અભાવ નરક, તિર્યંચ અને મનુષ્ય-એ ત્રણે આયુષ્યનો આસ્રવ છે અર્થાત્ વ્રતના પરિણામ રહિત જીવો નરકાદિ ત્રણમાંથી ગમે તે આયુષ્ય બાંધી શકે છે.

२०. सरागसंयम-संयमाऽसंयमाऽकामनिर्जरा-बालतपांसि दैवस्य ।

२१. योग-वक्रता विसंवादनं चाऽशुभस्य नाम्नः ।

२२. विपरीतं शुभस्य ।

२३. दर्शन-विशुद्धिर्विनय-संपन्नता शील-व्रतेष्वनति-चारोऽभीक्ष्णं ज्ञानोपयोग-संवेगौ शक्तितस्त्याग तपसी संघ-साधु-समाधि-वैयावृत्यकरणमर्हदा-चार्य बहुश्रुत-प्रवचन-भक्तिरावश्यकाऽपरिहाणि-मार्ग-प्रभावना-प्रवचन-वत्सलत्वमिति तीर्थकृत्त्वस्य ।

[२०] સરાગસંયમ, સંયમાસંયમ (દેશવિરતિ), અકામ-નિર્જરા અને બાલતપ એ દેવાયુષ્યના આસ્રવો છે.

[૨૧] મન, વચન અને કાયા એ ત્રણ યોગની વક્રતા (=કુટિલ પ્રવૃત્તિ) તથા વિસંવાદન (=સ્વીકૃતમાં કાલાંતરે ફેરફાર કરવો) અશુભ નામકર્મના આસ્રવો છે.

[૨૨] અશુભ નામકર્મના જે આસ્રવો છે તેનાથી વિપરીત ભાવો શુભનામકર્મના આસ્રવો છે.

[૨૩] સમ્યગ્દર્શનની વિશુદ્ધિ, વિનય, શીલ અને વ્રતોમાં અપ્રમાદ, વારંવાર જ્ઞાનોપયોગ (=શ્રુતમાં એકાગ્રતા), સંવેગ (=મોક્ષરાગ), યથાશક્તિ ત્યાગ અને તપ, સંઘ તથા સાધુઓની સમાધિ અને વેયાવચ્ચ, અરિહંત, આચાર્ય, બહુશ્રુત અને પ્રવચનની ભક્તિ, આવશ્યકની અપરિહાણિ (આવશ્યક ક્રિયાઓનું સમ્યક્પાલન), મોક્ષમાર્ગની

२४. पराऽऽत्मनिन्दा-प्रशंसे सदसद्गुणाच्छादनोद्भावने च नीचैर्गोत्रस्य ।

२५. तद्विपर्ययो नीचैर्वृत्यनुत्सेकौ चोत्तरस्य ।

२६. विघ्नकरणमन्तरायस्य ।

પ્રભાવના અને પ્રવચન-વાત્સલ્ય એ તીર્થંકર નામકર્મના આસ્રવો છે.

[૨૪] પરનિંદા, આત્મપ્રશંસા, સ્વમાં ગુણો નહિ હોવા છતાં છે તેવો દેખાવ કરવો, પોતાના દોષોને દબાવવા, પરમાં ગુણો હોવા છતાં દબાવી દેવા અને દોષોનું પ્રકાશન કરવું એ નીચગોત્રનાં કારણો છે.

[૨૫] નીચગોત્રના કારણોથી વિપરીત કારણો તથા ગુણી પુરુષો પ્રત્યે નમ્રતા (=વિનયપૂર્વક વર્તવું) શ્રુત આદિની પ્રાપ્તિ હોવા છતાં ગર્વ ન કરવો એ ઉચ્ચગોત્રના આસ્રવો છે.

[૨૬] દાન આદિમાં વિઘ્ન કરવો એ દાનાંતરાય આદિ પાંચ કર્મના આસ્રવો છે.

# અધ્યાય-૭

१. हिंसाऽनृत-स्तेयाऽब्रह्म-परिग्रहेभ्यो विरतिर्व्रतम् ।
२. देश-सर्वतोऽणु-महती ।
३. तत्स्थैर्यार्थं भावनाः पंच पंच ।

[૧] હિંસા, અનૃત (=અસત્ય), સ્તેય (=ચોરી), અબ્રહ્મ (= મૈથુન) અને પરિગ્રહ એ પાંચ પાપોને જાણીને શ્રદ્ધાપૂર્વક મન, વચન, કાયાથી એ પાંચ પાપોથી અટકવું તે અનુક્રમે અહિંસાવ્રત, સત્યવ્રત, અસ્તેયવ્રત, બ્રહ્મચર્યવ્રત અને અપરિગ્રહવ્રત છે.

[૨] હિંસાદિ પાપોથી દેશથી=આંશિક (સ્થૂલ) નિવૃત્તિ તે અણુવ્રત, અને સર્વથા (સૂક્ષ્મ) નિવૃત્તિ તે મહાવ્રત.

[૩] મહાવ્રતોની સ્થિરતા માટે દરેક મહાવ્રતની પાંચ-પાંચ ભાવનાઓ છે.

**પ્રથમ મહાવ્રતની ભાવના**-ઈર્યા, એષણા, આદાન-નિક્ષેપણ એ ત્રણ સમિતિ, મનોગુપ્તિ, આલોકિત પાન-ભોજન.

**બીજા મહાવ્રતની ભાવના**-વિચારપૂર્વક બોલવું, ક્રોધ, લોભ, ભય અને હાસ્ય એ ચારનો ત્યાગ.

**ત્રીજા મહાવ્રતની ભાવના**-રહેવા માટે અવગ્રહયાચના, વારંવાર અવગ્રહયાચના, અવગ્રહ અવધારણા, સાધર્મિક અવગ્રહયાચના અને અનુજ્ઞાપિત પાન-ભોજન.

४. हिंसादिष्विहाऽमुत्र चाऽपायाऽवद्य-दर्शनम् ।
५. दुःखमेव वा ।
६. मैत्री-प्रमोद-कारुण्य-माध्यस्थ्यानि सत्त्व-गुणाधिक-क्लिश्यमानाऽविनेयेषु ।
७. जगत्काय-स्वभावौ च संवेग-वैराग्यार्थम् ।

**ચોથા મહાવ્રતની ભાવના**-સ્ત્રી-પશુ-પંડકથી સંસક્ત વસતિ, સરાગ સ્ત્રીકથા, મનોહર ઈન્દ્રિયાવલોકન, પૂર્વ ક્રીડાસ્મરણ, પ્રણીતરસભોજન એ પાંચનો ત્યાગ.

**પાંચમા મહાવ્રતની ભાવના**-સ્પર્શાદિ પાંચ વિષયો ઈષ્ટ મળે તો રાગ ન કરવો અને અનિષ્ટ મળે તો દ્વેષ ન કરવો.

[૪] હિંસાદિ પાપોથી આ લોકમાં થતા અપાયની (=અનર્થ પરંપરાની) અને પરલોકમાં અવદ્યના (=પાપના) કરુણ વિપાકની વિચારણા કરવી.

[૫] તથા હિંસાદિ પાપો દુઃખરૂપ જ છે એ પ્રમાણે વિચારવું.

[૬] સર્વ પ્રાણીઓ વિષે મૈત્રીભાવના, ગુણાધિક જીવો વિષે પ્રમોદભાવના, દુઃખી જીવો વિષે કરુણાભાવના, અયોગ્ય અને અવિનીત જીવો વિષે માધ્યસ્થ્ય (ઉપેક્ષા) ભાવના રાખવી જોઈએ.

[૭] સંવેગ અને વૈરાગ્યની પુષ્ટિ માટે સંસાર અને કાયાનું સ્વરૂપ વિચારવું જોઈએ. સંસારના સ્વરૂપની

८. प्रमत्तयोगात् प्राण-व्यपरोपणं हिंसा ।

९. असदभिधानमनृतम् ।

१०. अदत्तादानं स्तेयम् ।

११. मैथुनमब्रह्म ।

१२. मूर्च्छा परिग्रहः ।

१३. निःशल्यो व्रती ।

१४. अगार्यनगारश्च ।

વિચારણાથી સંવેગની અને દેહસ્વરૂપની વિચારણાથી વૈરાગ્યની પુષ્ટિ થાય છે. **સંવેગ**=સંસારનો ભય, સંસાર ઉપર ઉદ્વેગ. **વૈરાગ્ય**=અનાસક્તિ.

[૮] પ્રમાદથી પ્રાણનો વિયોગ તે હિંસા.

[૯] પ્રમાદથી અસત્=અયથાર્થ બોલવું તે અસત્ય.

[૧૦] પ્રમાદથી અન્યની નહિ આપેલી વસ્તુ ગ્રહણ કરવી તે સ્તેય=ચોરી.

[૧૧] મૈથુન સેવન એ અબ્રહ્મ.

[૧૨] જડ કે ચેતન વસ્તુ વિષે મૂર્ચ્છા=આસક્તિ એ પરિગ્રહ.

[૧૩] શલ્યરહિત તથા અહિંસાદિ વ્રતસહિત જે હોય તે વ્રતી કહેવાય.

[૧૪] વ્રતીના અગારી અને અનગાર એમ મુખ્ય બે ભેદ છે. અગાર એટલે ઘર=સંસાર. જે ઘરમાં=સંસારમાં રહીને (અણુ)વ્રતોનું પાલન કરે તે અગારી વ્રતી.

१५. अणुव्रतोऽगारी ।

१६. दिग्देशाऽनर्थदण्डविरति-सामायिक-पौषधो-
पवासोपभोगपरिभोगाऽतिथिसंविभागव्रत-संपन्नश्च ।

१७. मारणान्तिकीं संलेखनां जोषिता ।

१८. शंका-कांक्षा-विचिकित्सा-ऽन्यदृष्टिप्रशंसा-संस्तवाः
सम्यग्दृष्टेरतिचाराः ।

જે ઘરનો=સંસારનો ત્યાગ કરવા પૂર્વક (મહા)વ્રતોનું પાલન કરે તે અનગાર વ્રતી.

[૧૫] જે વ્રતીને અણુવ્રતો હોય તે અગારી.

[૧૬] અગારીને (પાંચ અણુવ્રતો ઉપરાંત) દિગ્વિરતિ, દેશવિરતિ, અનર્થદંડવિરતિ, સામાયિક, પૌષધોપવાસ, ઉપભોગ-પરિભોગ-પરિમાણ અને અતિથિ-સંવિભાગ એ સાત વ્રતો પણ હોય છે.

[૧૭] વ્રતીએ (ગૃહસ્થે કે સાધુએ) મરણને અંતે સંલેખના કરવી જોઈએ. સંલેખના એટલે શરીર અને કષાયોને પાતળા કરનાર તપવિશેષ.

[૧૮] ૧. શંકા, ૨. કાંક્ષા, ૩. વિચિકિત્સા, ૪. અન્યદષ્ટિ-પ્રશંસા અને ૫. મિથ્યાદષ્ટિસંસ્તવ એ પાંચ સમ્યગ્દર્શનના અતિચાર છે.

**શંકા**-જિનપ્રણીત તત્ત્વો વિશે આ સાચું હશે કે કેમ એવી શંકા.

૨. **કાંક્ષા**-અન્યદર્શનો પણ સારાં છે ઇત્યાદિરૂપે અન્યદર્શનની ઇચ્છા.

**१९. व्रत-शीलेषु पंच पंच यथाक्रमम् ।**

**२०. बन्ध-वध-छविच्छेदाऽतिभाराऽऽरोपणाऽन्नपाननिरोधाः ।**

૩. **વિચિકિત્સા**-ધર્મના ફળમાં શંકા.

૪. **અન્યદૃષ્ટિપ્રશંસા**-અન્યદર્શનની પ્રશંસા કરવી.

૫. **મિથ્યાદૃષ્ટિસંસ્તવ**-અન્યદર્શનવાળા સાથે પરિચય કે આલાપ કરવો વગેરે. અતિચાર, સ્ખલના, દૂષણ વગેરેનો એક અર્થ છે.

[૧૯] પાંચ અણુવ્રતો અને શીલ (૩ ગુણવ્રત, ૪ શિક્ષાવ્રત) એ દરેકના પાંચ પાંચ અતિચારો ક્રમશઃ નીચે મુજબ છે.

[૨૦] ૧. બંધ, ૨. વધ, ૩. છવિચ્છેદ, ૪. અતિભારારોપણ અને ૫. અન્નપાનનિરોધ એ પાંચ અહિંસાવ્રતના અતિચારો છે.

(૧) **બંધ**-બળદ, પુત્ર આદિને ક્રોધથી મજબૂત બાંધવા.

(૨) **વધ**-નિર્દયતાથી માર મારવો.

(૩) **છવિચ્છેદ**-નિર્દયતાથી ચોર આદિની ચામડીનો છેદ કરવો.

(૪) **અતિભારારોપણ**-બળદ આદિ પાસે શક્તિ ઉપરાંત કામ લેવું.

(૫) **અન્નપાનનિરોધ**-બળદ વગેરેને સમયસર ભોજન-પાણી આદિ ન આપવું.

२१. मिथ्योपदेश-रहस्याऽभ्याख्यान-कूटलेखक्रिया न्यासापहार-साकारमन्त्र भेदाः ।

२२. स्तेनप्रयोग-तदाहृताऽऽदान-विरुद्धराज्याऽतिक्रम हीनाऽधिकमानोन्मान-प्रतिरूपक-व्यवहाराः ।

[૨૧] ૧. મિથ્યાઉપદેશ, ૨. રહસ્ય-અભ્યાખ્યાન, ૩. કૂટલેખ, ૪. ન્યાસ-અપહાર અને ૫. સાકાર મંત્રભેદ એ પાંચ સત્યવ્રતના અતિચારો છે.

(૧) મિથ્યાઉપદેશ-ખોટી સલાહ આપવી વગેરે.

(૨) રહસ્ય-અભ્યાખ્યાન-એકાંતમાં થયેલી વાતને બહાર પાડવી.

(૩) કૂટલેખ-ખોટા દસ્તાવેજ કરવાં વગેરે.

(૪) ન્યાસ-અપહાર-બીજાએ મૂકેલી રકમમાં ઘાલમેલ કરવી.

(૫) સાકારમંત્રભેદ-વિશ્વાસુની ગુપ્ત હકીકતને પ્રકાશમાં લાવવી.

[૨૨] ૧. સ્તેનપ્રયોગ, ૨. તાદાહૃતાદાન, ૩. વિરુદ્ધ રાજ્યાતિ-ક્રમ, ૪. હીનાધિક માનોન્માન, ૫. પ્રતિરૂપક વ્યવહાર એ પાંચ અસ્તેય વ્રતના અતિચારો છે.

(૧) સ્તેનપ્રયોગ-ચોરી કરવાની પ્રેરણા કરવી.

(૨) તદાહૃતાદાન-ચોરી લાવેલી વસ્તુ ખરીદવી વગેરે.

२३. परविवाहकरणेत्वरपरिगृहीताऽपरिगृहीता-गमना-ऽनंगक्रीडा-तीव्रकामाऽभिनिवेशाः ।

२४. क्षेत्रवास्तु-हिरण्यसुवर्ण-धनधान्य-दासी-दास-कृप्य-प्रमाणाऽतिक्रमः ।

(૩) **વિરુદ્ધરાજ્યાતિક્રમ**-રાજ્યવિરુદ્ધ દાણચોરી આદિ કાર્ય કરવું.

(૪) **હિનાધિકમાનોન્માન**-ખોટાં માપ-તોલાં રાખવાં વગેરે.

(૫) **પ્રતિરૂપક વ્યવહાર**-માલમાં ભેળસેળ કરવી વગેરે.

[૨૩] ૧. પરવિવાહકરણ, ૨. ઈત્વરપરિગૃહીતાગમન, ૩. અપરિગૃહીતાગમન, ૪. અનંગક્રીડા, ૫. તીવ્રકામાભિ-નિવેશ એ પાંચ બ્રહ્મચર્યવ્રતના અતિચારો છે.

(૧) **પરવિવાહકરણ**-સંબંધીઓના પુત્રાદિનો વિવાહ કરવો.

(૨) **ઈત્વરપરિગૃહીતાગમન**-બીજાએ સ્વીકારેલ વેશ્યાનો ઉપભોગ કરવો.

(૩) **અપરિગૃહીતાગમન**-માલિક વિનાની વેશ્યા કે કન્યાનો ઉપભોગ કરવો.

(૪) **અનંગક્રીડા**-સૃષ્ટિ વિરુદ્ધ કામસેવન કરવું.

(૫) **તીવ્રકામાભિનિવેશ**-અતિશય કામના ઉદયથી અયોગ્ય કામચેષ્ટા કરવી.

[૨૪] ૧. ક્ષેત્ર-વાસ્તુ, ૨. હિરણ્ય-સુવર્ણ, ૩. ધન-ધાન્ય,

२५. ऊर्ध्वाऽ-धस्तिर्यग्-व्यतिक्रम-क्षेत्रवृद्धि-
स्मृत्यन्तर्धानानि ।

२६. आनयन-प्रेष्यप्रयोग-शब्द-रूपानुपात-पुद्गलक्षेपाः ।

૪. દાસી-દાસ, ૫. કુપ્ય-એ પાંચનો અતિક્રમ એમ પાંચ અતિચારો સંતોષવ્રતના છે.

(૧) **ક્ષેત્ર**=ખેતીની જમીન. **વાસ્તુ**=રહેવાની જમીન.

(૨) **હિરણ્ય**=ચાંદી. **સુવર્ણ**=સોનું. ઉપલક્ષણથી સર્વ ઝવેરાત તથા રોકડ, નાણું વગેરે મિલકત.

(૩) **ધન**=પશુ. **ધાન્ય**=ઘઉં આદિ.

(૪) **દાસી-દાસ**=મનુષ્યો તથા બે પગા મયૂર આદિ પ્રાણીઓ.

(૫) **કુપ્ય**=રાચરચીલું, ઘરમાં વપરાતી વસ્તુઓ.

[૨૫] ૧. ઉપર, ૨. નીચે અને ૩. તિર્છું અતિક્રમ, ૪. ક્ષેત્રવૃદ્ધિ, ૫. સમૃત્યન્તર્ધાન એ પાંચ છઠ્ઠા દિગ્વિરતિ વ્રતના અતિચારો છે.

(૧ થી ૩) **ઉપર-નીચે-તિર્છું અતિક્રમ**-ઉપર, નીચે, તિર્છું એ ત્રણ દિશાના પ્રમાણમાં અતિક્રમ કરવો.

(૪) **ક્ષેત્રવૃદ્ધિ**-એક દિશાનું પ્રમાણ બીજી દિશામાં ઉમેરીને ઈષ્ટદિશાનું પ્રમાણ વધારવું.

(૫) **સ્મૃત્યન્તર્ધાન**-ધારેલા પ્રમાણને ભૂલી જવું.

[૨૬] ૧. આનયન, ૨. પ્રેષ્યપ્રયોગ, ૩. શબ્દાનુપાત, ૪.

**૨૭. कन्दर्प-कौत्कुच्य-मौखर्या-ऽसमीक्ष्याऽधिकरणो-पभोगाऽधिकत्वानि ।**

રૂપાનુપાત, ૫. પુદ્ગલક્ષેપ એ પાંચ સાતમા દેશાવગાસિક વ્રતના અતિચારો છે.

(૧) **આનયન**-ધારેલ પ્રમાણથી અધિક દેશમાંથી અન્ય દ્વારા વસ્તુ મંગાવવી.

(૨) **પ્રેષ્યપ્રયોગ**-ધારેલ પ્રમાણથી અધિક દેશમાં નોકર આદિ મોકલી પોતાનું કાર્ય કરવું.

(૩-૪-૫) ધારેલ દેશથી દૂર રહેલી વ્યક્તિને બોલાવવા ધારેલ દેશમાં રહીને

(૬) **શબ્દાનુપાત**-ખોંખારા દ્વારા શબ્દ આદિ પહોંચાડવો.

(૭) **રૂપાનુપાત**-તેવા પ્રકારની કાયિક ચેષ્ટા કરવી.

(૮) **પુદ્ગલક્ષેપ**-કાંકરો વગેરે ફેંકવું.

[૨૭] ૧. કંદર્પ, ૨. કૌત્કુચ્ય, ૩. મૌખર્ય, ૪. અસમીક્ષ્યાધિ-કરણ, ૫. ઉપભોગાધિકત્વ એ પાંચ આઠમા અનર્થદંડ-વિરતિ વ્રતના અતિચારો છે.

(૧) કંદર્પ-હાસ્યપૂર્વક કામોત્તેજક અસભ્ય વાક્યો બોલવાં.

(૨) કૌત્કુચ્ય-બીજાને હસવું આવે એવી કામોત્તેજક અયોગ્ય કાયિક ચેષ્ટા કરવી.

(૩) **મૌખર્ય**-અસંબદ્ધ બહુ બોલબોલ કરવું.

२८.योगदुष्प्रणिधाना-ऽनादर-स्मृत्यनुपस्थापनानि ।
२९.अप्रत्यवेक्षिता-ऽप्रमार्जितोत्सर्गा-ऽऽदाननिक्षेप
संस्तारोपक्रमणा-ऽनादर-स्मृत्यनुपस्थापनानि ।

(४) **અસમીક્ષ્યાધિકરણ**-જરૂરિયાત ન હોવા છતાં શસ્ત્ર આદિ અધિકરણો રાખવાં અને અન્ય માગે તો આપવાં.

(૫) **ઉપભોગાધિકત્વ**-જરૂરિયાત કરતાં વધારે ભોગ-ઉપભોગની સામગ્રી રાખવી.

[૨૮] ૧. મન, ૨. વચન, ૩. કાયા એ ત્રણનું દુષ્પ્રણિધાન, ૪. અનાદર, ૫. સ્મૃત્યનુપસ્થાપન એ પાંચ નવમા સામાયિક વ્રતના અતિચારો છે.

(૧) **મન**-નિરર્થક કે સાવદ્ય વિચારો કરવા,

(૨) **વચન**-નિરર્થક કે સાવદ્ય વચન બોલવાં,

(૩) **કાયા**-નિરર્થક કે સાવદ્ય પ્રવૃત્તિ કરવી.

(૪) **અનાદર**-ઉત્સાહનો અભાવ, નિયત સમયે સામાયિક ન લેવું.

(૫) **સ્મૃત્યનુપસ્થાપન**-સામાયિક કર્યું કે ન કર્યું તે ભૂલી જવું.

[૨૯] ૧. અપ્રત્યવેક્ષિત-અપ્રમાર્જિત-ઉત્સર્ગ, ૨. અપ્ર૦ અપ્ર૦ આદાનનિક્ષેપ. ૩. અપ્ર૦ અપ્ર૦ સંસ્તારોપક્રમણ, ૪. અનાદર, ૫. સ્મૃત્યનુપસ્થાપન

**૩૦. सचित्त-संबंद्ध-संमिश्रा-ऽभिषव-दुष्पक्वाहाराः ।**

એ પાંચ દશમા પૌષધોપવાસ વ્રતના અતિચારો છે. (૧-૨-૩) દૃષ્ટિથી જોયા વિના અને ચરવાળા આદિથી પ્રમાર્જન કર્યા વિના

(૧) ઉત્સર્ગ-મલમૂત્ર આદિનો ત્યાગ કરવો.

(૨) **આદાનનિક્ષેપ**-વસ્તુ લેવી કે મૂકવી.

(૩) **સંસ્તારોપક્રમણ**-સંથારો પાથરવો.

(૪) અનાદર-ઉત્સાહ ન રાખવો. જેમ તેમ અનાદરથી પૌષધ પૂર્ણ કરવો.

(૫) **સ્મૃત્યનુપસ્થાપન**-પોતે પૌષધમાં છે એ ભૂલી જવું વગેરે.

[૩૦] ૧. સચિત્ત-આહાર, ૨. સચિત્ત-પ્રતિબદ્ધ આહાર, ૩. સચિત્ત સંમિશ્ર આહાર, ૪. અભિષવ આહાર, ૫. દુષ્પક્વ આહાર એ પાંચ અગિયારમા ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતના અતિચારો છે.

(૧) **સચિત્ત**-સચિત્ત આહારનો ઉપયોગ કરવો.

(૨) **સચિત્તપ્રતિબદ્ધ**-ઠળિયા આદિ સચિત્તથી યુક્ત બોર આદિનો ઉપયોગ કરવો.

(૩) **સચિત્તસંમિશ્ર**-થોડો ભાગ સચિત્ત અને થોડો ભાગ અચિત્ત હોય તેવો ખસખસયુક્ત લાડુ આદિનો આહાર કરવો.

३१. सचित्तनिक्षेप-पिधान-परव्यपदेश-मात्सर्यकालातिक्रमाः ।

३२. जीवित-मरणा-ऽऽसंशा-मित्रानुराग-सुखानुबन्ध-निदानकरणानि ।

(૪) **અભિષવ**-મદ્ય આદિ માદક આહાર કરવો.

(૫) **દુષ્પક્વ**-બરાબર ન રંધાયેલ કંઈક પક્વ કંઈક અપક્વ કાકડી આદિનો ઉપયોગ કરવો.

[૩૧] ૧. સચિત્તનિક્ષેપ, ૨. સચિત્તપિધાન, ૩. પરવ્યપદેશ, ૪. માત્સર્ય અને ૫. કાલાતિક્રમ એ પાંચ ૧૨મા અતિથિસંવિભાગ વ્રતના અતિચારો છે. (૧-૨-૩) નહિ વહોરાવવાની બુદ્ધિથી

(૧) **સચિત્તનિક્ષેપ**-આપવા લાયક વસ્તુને સચિત્ત વસ્તુ ઉપર મૂકી દેવી.

(૨) **સચિત્તપિધાન**-આપવા લાયક વસ્તુ ઉપર સચિત્ત વસ્તુ ઢાંકી દેવી.

(૩) **પરવ્યપદેશ**-પોતાની હોવા છતાં પરની છે એમ કહેવું.

(૪) **માત્સર્ય**-ક્રોધ, ઈર્ષ્યા આદિથી વહોરાવવું.

(૫) **કાલાતિક્રમ**-ભિક્ષાનો કાળ વીતી ગયા બાદ કે બહુવાર પહેલાં સાધુઓને નિમંત્રણ કરવું.

[૩૨] ૧. જીવિત-આશંસા, ૨. મરણ-આશંસા, ૩. મિત્રાનુરાગ, ૪. સુખાનુબંધ, ૫. નિદાનકરણ એ પાંચ સંલેખનાના અતિચારો છે.

३३. अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।

३४. विधि-द्रव्य-दातृ-पात्र-विशेषात् तद्विशेषः ।

(૧) જીવિત-આશંસા-સત્કાર આદિ થવાથી હું વધારે જીવું તો સારું એમ જીવવાની ઇચ્છા.

(૨) મરણઆશંસા-સત્કાર આદિ ન થવાથી હું જલદી મૃત્યુ પામું એમ મરણની ઇચ્છા.

(૩) મિત્રાનુરાગ-મિત્ર, પુત્ર આદિ ઉપર મમત્વભાવ રાખવો.

(૪) સુખાનુબંધ-પૂર્વે અનુભવેલા સંસારસુખોને યાદ કરવા.

(૫) નિદાનકરણ-તપ અને સંયમના પ્રભાવથી હું પરલોકમાં ચક્રવર્તી કે દેવ બનું એમ સંસારસુખની ઇચ્છા રાખવી.

[૩૩] સ્વ અને પરના ઉપકાર માટે પોતાની વસ્તુ પ્રેમથી અન્યને આપવી તે દાન.

[૩૪] વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશેષતાથી દાનધર્મમાં (અર્થાત્ ફળમાં) તફાવત પડે છે.

## અધ્યાય-૮

१. मिथ्यादर्शना-ऽविरति-प्रमाद-कषाय-योगा बन्धहेतवः ।

२. सकषायत्वाज्जीवः कर्मणो योग्यान्पुद्गलानादत्ते ।

३. स बन्धः ।

४. प्रकृति-स्थित्यनुभाव-प्रदेशास्तद्विधयः ।

५. आद्यौ ज्ञानदर्शनाऽऽवरण-वेदनीय-मोहनीयाऽऽयुष्क-नाम-गोत्रा-ऽन्तरायाः ।

[૧] ૧. મિથ્યાદર્શન, ૨. અવિરતિ, ૩. પ્રમાદ, ૪. કષાય અને ૫. યોગ એ પાંચ કર્મબંધના હેતુઓ છે.

(૧) મિથ્યાદર્શન-સર્વજ્ઞપ્રણીત તત્ત્વો વિષે અશ્રદ્ધા.

(૨) અવિરતિ-પાપના નિયમનો અભાવ.

(૩) પ્રમાદ-વિસ્મરણ, અનુત્સાહ, અશુભ વિચારથી થતી પ્રવૃત્તિ વગેરે.

(૪) કષાય-ક્રોધ, માન, માયા, લોભ.

(૫) યોગ-મન, વચન, કાયા.

[૨-૩] કષાયના કારણે જીવ કર્મના (કાર્મણવર્ગણા ગત) પુદ્ગલોને ગ્રહણ કરે છે. ગ્રહણ કરેલા પુદ્ગલોને દૂધમાં પાણીની જેમ આત્મામાં એકમેક કરે છે. તે જ કર્મનો બંધ છે.

[૪] પ્રકૃતિ (સ્વભાવ), સ્થિતિ (કાળ), અનુભાવ (રસ), પ્રદેશ (કર્મનાં દલિકો) એ ચાર પ્રકારનો કર્મબંધ છે.

[૫] જ્ઞાનાવરણ, દર્શનાવરણ, વેદનીય, મોહનીય,

६. पंच-नव-द्व्यष्टाविंशति-चतुर्द्विचत्वारिंशद्-द्वि-पंच-भेदा यथाक्रमम् ।

७. मत्यादीनाम् ।

८. चक्षुरचक्षुरवधि-केवलानां निद्रा-निद्रानिद्रा-प्रचला-प्रचलाप्रचला-स्त्यानगृद्धि-वेदनीयानि च ।

આયુષ્ય, નામ, ગોત્ર, અંતરાય એ પ્રકૃતિબંધના ભેદો છે. જ્ઞાનાવરણ આદિ આઠ પ્રકૃતિઓ ક્રમશઃ અનંતજ્ઞાન (વિશેષજ્ઞાન), અનંતદર્શન (સામાન્ય જ્ઞાન), અનંત અવ્યાબાધ સુખ, (સ્વભાવમાં રમણતારૂપ) ચારિત્ર, અક્ષયસ્થિતિ, અમૂર્તત્વ (રૂપનો અભાવ), અગુરુલઘુતા (ઉચ્ચનીચનો અભાવ), અનંતવીર્ય એ આત્માના આઠ ગુણોને દબાવીને આત્મામાં અજ્ઞાનતા આદિ વિકૃતિ કરે છે.

[૬] જ્ઞાનાવરણ વગેરે આઠ મૂળ પ્રકૃતિના અનુક્રમે ૫, ૯, ૨, ૨૮, ૪, ૪૨, ૨ અને ૫ ભેદો છે.

[૭] મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ, મનઃપર્યવજ્ઞાનાવરણ અને કેવલજ્ઞાનાવરણ એમ જ્ઞાનાવરણના પાંચ ભેદો છે. એ પાંચ ભેદો ક્રમશઃ મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનને રોકે છે. (અધ્યાય-૧માં જ્ઞાનનું વર્ણન આવી ગયું છે.)

[૮] ૧. ચક્ષુદર્શનાવરણ, ૨. અચક્ષુદર્શનાવરણ, ૩. અવધિદર્શનાવરણ, ૪. કેવલદર્શનાવરણ,

१. सदसद्वेद्ये ।

૫. નિદ્રાદર્શનાવરણ, ૬. નિદ્રાનિદ્રાદર્શનાવરણ, ૭.પ્રચલાદર્શનાવરણ, ૮.પ્રચલાપ્રચલાદર્શનાવરણ, ૯. સ્ત્યાનર્દ્ધિદર્શનાવરણ એ દર્શનાવરણના ૯ ભેદો છે.

(૧) **ચક્ષુદર્શનાવરણ**-ચક્ષુથી થતા સામાન્ય જ્ઞાનને રોકે.

(૨) **અચક્ષુદર્શનાવરણ**-ચક્ષુ સિવાય શેષ ઇન્દ્રિયોથી થતા સામાન્યજ્ઞાનને રોકે.

(૩) **અવધિદર્શનાવરણ**-આત્મશક્તિથી થતા રૂપી દ્રવ્યના સામાન્ય જ્ઞાનરૂપ અવધિદર્શનને રોકે.

(૪) **કેવળદર્શનાવરણ**-ત્રણેકાળના સર્વદ્રવ્ય-પર્યાયોના સામાન્ય જ્ઞાનરૂપ કેવળદર્શનને રોકે.

(૫) **નિદ્રાદર્શનાવરણ**-સુખે જગાય તેવી નિદ્રા.

(૬) **નિદ્રાનિદ્રાદર્શનાવરણ**-દુઃખે જગાય તેવી નિદ્રા.

(૭) **પ્રચલાદર્શનાવરણ**-ઊભા ઊંઘ આવે.

(૮) **પ્રચલા-પ્રચલાદર્શનાવરણ**-ચાલતા ઊંઘ આવે.

(૯) **સત્યાનર્દ્ધિદર્શનાવરણ**-દિવસે ચિંતવેલું કાર્ય રાત્રે ઊંઘમાં કરે.

[૯] શાતા (સુખનો અનુભવ) અને અશાતા (દુઃખનો અનુભવ) એમ બે પ્રકારે વેદનીયકર્મ છે.

१०. दर्शन-चारित्रमोहनीय-कषाय-नोकषाय-वेदनीया ऽऽख्यास्त्रि-द्वि-षोडश-नव-भेदाः सम्यक्त्व-मिथ्यात्व-तदुभयानि कषाय-नोकषायावनन्तानु-बन्ध्यप्रत्याख्यान-प्रत्याख्यानावरण-संज्वलन-विकल्पाश्चैकशः क्रोध-मान-माया-लोभाः हास्य-रत्यरति-शोक-भय-जुगुप्सा-स्त्री-पुं-नपुंसकवेदाः ।

**[૧૦] મોહનીયના મુખ્ય બે ભેદો -**

(૧) દર્શનમોહનીય (સમ્યક્ત્વમાં બાધક).

(૨) ચારિત્રમોહનીય (ચારિત્રમાં બાધક).

**દર્શનમોહનીયના ત્રણ ભેદો-**

૧. **સમ્યક્ત્વમોહનીય**-(સમ્યક્ત્વમાં મુંઝવે=દૂષણ લગાડે).

૨. **મિશ્રમોહનીય**-(જેનાથી શ્રદ્ધા પણ નહિ, અશ્રદ્ધા પણ નહિ, કિન્તુ મિશ્રભાવ=મધ્યસ્થભાવ પ્રગટ થાય).

૩. **મિથ્યાત્વમોહનીય**-(જેનાથી જીવાદિ તત્ત્વો વિષે અશ્રદ્ધા થાય).

ચારિત્રમોહનીયના મુખ્ય બે ભેદો -

૧. કષાયમોહનીય ૨. નોકષાયમોહનીય (નો એટલે પ્રેરણા. કષાયોને પ્રેરણા કરે, કષાયોના ઉદયમાં નિમિત્ત બને. અથવા નો એટલે સાહચર્ય. કષાયોની સાથે રહી પોતાનું ફળ બતાવે.)

**११. नारक-तैर्यग्योन-मानुष दैवानि ।**

**१२. गति-जाति-शरीरांगोपांग-निर्माण-बन्धन-संघात-संस्थान-संहनन-स्पर्श-रस-गन्धवर्णाऽऽनुपूर्व्यगुरु-लघूपघात-पराघाता-ऽऽतपोद्योतोच्छ्वासविहायोग तयः प्रत्येकशरीर-त्रस-सुभग-सुस्वर-शुभ-सूक्ष्म-पर्याप्त-स्थिराऽऽदेय-यशांसि सेतराणि तीर्थकृत्त्वं च।**

કષાયમોહનીયના અનંતાનુબંધી (સમ્યક્ત્વને રોકનાર), અપ્રત્યાખ્યાન (દેશવિરતિને રોકનાર), પ્રત્યાખ્યાના-વરણ (સર્વવિરતિને રોકનાર) અને સંજ્વલન (વીતરાગતાને રોકનાર) એ ચાર ભેદો છે. એ પ્રત્યેકના ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર ભેદ હોવાથી કષાય મોહનીયના ૧૬ ભેદો છે. નોકષાય મોહનીયના હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ એ નવ ભેદો છે.

[૧૧] નરક, તિર્યંચ, મનુષ્ય, અને દેવ એ ચાર પ્રકારના આયુષ્ય છે. તે તે કર્મના ઉદયથી તે તે રૂપે ઉત્પન્ન થાય છે.

[૧૨] (૧) **ગતિ**-નરકાદિ ૪ (૨) **જાતિ**-એકેન્દ્રિયાદિ-૫ (૩) **શરીર**-ઔદારિક આદિ-૫ (૪) **અંગોપાંગ**-ઔદારિક આદિ-૩ (૫) **નિર્માણ**-અંગોપાંગોને નિયત સ્થળે રચનાર. (૬) **બંધન**-જતુકાષ્ઠની જેમ શરીરના પુદ્ગલોને એકમેક કરનાર. (૭) **સંઘાત**-ઘાસના

પથારાને દંતાળી પિંડરૂપે સંઘટિત કરે તેમ ગ્રહણ કરેલા શરીરના પુદ્ગલોને સંઘટિત કરનાર. ઔદારિક આદિ-૫ (૮) **સંસ્થાન**-આકૃતિ. સમચતુરસ્ર આદિ-૬ (૯) **સંહનન**-સંઘયણ=હાડકાની રચના. વજ્રઋષભનારાચ આદિ-૬ (૧૦) **સ્પર્શ**-કર્કશાદિ-૮ (૧૧) **રસ**-તિક્તાદિ-૫ (૧૨) **ગંધ**-સુગંધ, દુર્ગંધ-૨ (૧૩) **વર્ણ**-કૃષ્ણાદિ-૫ (૧૪) **આનુપૂર્વી**-લાંબી મુસાફરીમાં આહારની જેમ ભવાંતર જતાં વક્રગતિમાં સહાયક. નરકાનુપૂર્વી આદિ-૪ (૧૫) **અગુરુલઘુ**-અતિ ભારે કે અતિ હલકું નહિ. મધ્યમ શરીર કરનાર. (૧૬) **ઉપઘાત**-અંગોપાંગને ખંડિત કરનાર. (૧૭) **પરાઘાત**-જેનાથી બળવાનનો પણ પરાભવ કરી શકાય તે. (૧૮) **આતપ**-જેનાવડે સ્વયં શીત છતાં ઉષ્ણપ્રકાશ થાય. સૂર્ય વિમાનના એકેન્દ્રિયજીવોને આ કર્મનો ઉદય હોય છે. (૧૯) **ઉદ્યોત**-અનુષ્ણ પ્રકાશરૂપ ઉદ્યોતને કરનાર. આગિયા વગેરેને આ કર્મનો ઉદય હોય છે. (૨૦) **ઉચ્છ્વાસ**-જેના યોગે શ્વાસોશ્વાસની ક્રિયા થાય. (૨૧) **વિહાયોગતિ**-ચાલવાની ઢબ. શુભ અને અશુભ એ બે પ્રકારની. હંસ આદિને શુભ અને ઊંટ આદિને અશુભ હોય છે. (૨૨) **પ્રત્યેકશરીર**-દરેક જીવને સ્વતંત્ર શરીર કરનાર. (૨૩) **ત્રસ**-જેના યોગે સ્વેચ્છાએ એક

३. उच्चैर्नीचैश्च ।
४. दानादीनाम् ।
स्थानेथी बीजा स्थाने जई शकाय. (२४) **सुभग-सौभाग्य.** जेना योगे उपकार न करवा छतां सर्वने प्रिय बने. (२५) **सुस्वर**-मधुर स्वर करनार. (२६) **शुभ**-शुभ अवयवो करनार. नाभिथी उपरना अवयवो शुभ छे. (२७) **सूक्ष्म**-जेना योगे सूक्ष्मशरीरनी प्राप्ति थाय. (२८) **पर्याप्त**-जेना योगे स्वप्रायोग्य पर्याप्तिओ पूर्ण थाय. (२९) **स्थिर**-दांत आदिने स्थिर राखनार. (३०) **आदेय**-जेना योगे वचन सर्वने मान्य बने, दर्शनमात्रथी सत्कार सन्मान थाय. (३१) **यश**-ख्याति करावनार.

**प्रत्येकशरीर आदि दशथी विपरीत**-(३२) **साधारण शरीर**, (३३) **स्थावर**, (३४) **दौर्भाग्य**, (३५) **दुःस्वर**, (३६) **अशुभ**, (३७) **बादर**, (३८) **अपर्याप्त**, (३९) **अस्थिर**, (४०) **अनादेय**, (४१) **अपयश** ए दश छे. तेमना अर्थो प्रत्येक शरीर आदिना अर्थोथी विपरीत छे. (४२) **तीर्थंकर**-जेना योगे जीव धर्मरूप तीर्थने प्रवर्तावे अने त्रिभुवनपूज्य बने. आम नामकर्मना ४२ भेदो छे.

[१३] उच्च अने नीच एम गोत्रना बे भेदो छे उच्चथी उच्चकुळमां, नीचथी हलका कुळमां जन्म थाय छे.

[१४] १. दानांतराय, २. लाभांतराय, ३. भोगांतराय,

१५. आदितस्तिसृणामन्तरायस्य च त्रिंशत्सागरोपमकोटीकोट्यः परा स्थितिः ।

१६. सप्ततिर्मोहनीयस्य ।

१७. नाम-गोत्रयोर्विंशतिः ।

१८. त्रयस्त्रिंशत्सागरोपमाण्यायुष्कस्य ।

૪. ઉપભોગાંતરાય, ૫. વીર્યાંતરાય એમ અંતરાય કર્મના પાંચ ભેદો છે.

૧. **દાનાંતરાય**-દાન ન આપી શકાય.

૨. **લાભાંતરાય**-ધન આદિ ઇચ્છિત ન મળે.

૩. **ભોગાંતરાય**-ઇષ્ટ વસ્તુનો ભોગ ન થઈ શકે.

૪. **ઉપભોગાંતરાય**-ઇષ્ટ વસ્તુનો ઉપભોગ ન થઈ શકે. એક જ વાર ભોગવી શકાય તે ભોગ. અનેકવાર ભોગવી શકાય તે ઉપભોગ. આહારાદિ ભોગ છે. વસ્ત્ર આદિ ઉપભોગ છે.

૫. **વીર્યાંતરાય**-બળને રોકે.

[૧૫] જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચાર કર્મોનો ઉત્કૃષ્ટસ્થિતિબંધ ૩૦ કોટાકોટિ સાગરોપમ છે.

[૧૬] મોહનીયની ઉત્કૃષ્ટસ્થિતિ ૭૦ કોટાકોટિ સાગરોપમ છે.

[૧૭] નામ-ગોત્રની ઉત્કૃષ્ટસ્થિતિ ૨૦ કોટાકોટિ સાગરોપમ છે.

[૧૮] આયુષ્યની ઉત્કૃષ્ટસ્થિતિ ૩૩ સાગરોપમ છે.

१९. अपरा द्वादश-मुहूर्ता वेदनीयस्य ।

२०. नाम-गोत्रयोरष्टौ ।

२१. शेषाणामन्तर्मुहूर्तम् ।

२२. विपाकोऽनुभावः ।

२३. स यथानाम ।

२४. ततश्च निर्जरा ।

२५. नामप्रत्ययाः सर्वतो योग-विशेषात् सूक्ष्मैकक्षेत्रा-ऽवगाढ-स्थिताः सर्वात्म-प्रदेशेष्वनन्तानन्तप्रदेशाः ।

[૧૯] વેદનીયની જઘન્યસ્થિતિ બાર મુહૂર્ત છે.

[૨૦] નામ-ગોત્ર કર્મોની જઘન્યસ્થિતિ આઠ મુહૂર્ત છે.

[૨૧] બાકીના પાંચ કર્મોની જઘન્યસ્થિતિ અંતર્મુહૂર્ત છે.

[૨૨] કર્મના વિપાકને=ફળ આપવાની શક્તિને અનુભાવ (=રસ) કહેવામાં આવે છે.

[૨૩] સર્વ કર્મોનું ફળ પોતપોતાના નામ પ્રમાણે છે.

[૨૪] કર્મોનું ફળ મળ્યા બાદ કર્મોની નિર્જરા થાય છે. નિર્જરા એટલે કર્મોનું આત્મપ્રદેશોથી છૂટા પડી જવું.

[૨૫] **नामप्रत्ययाः**-કર્મના પ્રદેશો નામના એટલે કે કર્મોના જ્ઞાનાવરણીયાદિ જે સાર્થક નામો છે તેના **પ્રત્યય**=કારણ છે. અર્થાત્ બંધાયેલા કર્મપ્રદેશોનું તેમના સ્વભાવ પ્રમાણે નામ નક્કી થાય છે. **सर्वतः**-જીવ કર્મપુદ્ગલોને સર્વ-દિશાઓમાંથી ગ્રહણ કરે છે. **योगविशेषात्**-મન, વચન, કાયાના યોગ પ્રમાણે

२६. **सद्वेद्य-सम्यक्त्व-हास्य-रति-पुरुषवेद-शुभायुर्नामगोत्राणि पुण्यम् ।**

પુદ્ગલો ગ્રહણ કરે છે. અર્થાત્ યોગ વધારે હોય તો વધારે અને ઓછો હોય તો ઓછા પુદ્ગલો ગ્રહણ કરે છે. **सूक्ष्म**-મનોવર્ગણાના પુદ્ગલોથી પણ અત્યંત સૂક્ષ્મ એવા કાર્મણવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે. **एकक्षेत्रावगाढ**-જેમ અગ્નિ પોતે જેટલા ક્ષેત્રમાં છે તેટલા જ ક્ષેત્રમાં રહેલ વસ્તુને બાળે છે, તેમ જીવ પોતે જેટલા ક્ષેત્રમાં છે તેટલા જ ક્ષેત્રમાં રહેલા પુદ્ગલોને ગ્રહણ કરે છે. **स्थिताः**-કાર્મણ-વર્ગણાના જે પુદ્ગલો સ્થિત= ગતિરહિત હોય તેને જ ગ્રહણ કરે છે. **सर्वात्मप्रदेशेषु**- સર્વ આત્મપ્રદેશોમાં કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે. **अनन्तानन्तप्रदेशाः**-પ્રત્યેક સમયે એકી વખતે અનંતાનંત કર્મપુદ્ગલોને ગ્રહણ કરે છે.

[૨૬] સાતાવેદનીય, સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ, પુરુષવેદ, શુભ આયુષ્ય, શુભનામ અને શુભગોત્ર એ પુણ્ય પ્રકૃતિઓ છે. દેવ અને મનુષ્ય એ બે આયુષ્ય શુભ છે. શુભનામની ૩૭ પ્રકૃતિઓ છે. તે આ પ્રમાણે- મનુષ્યગતિ, દેવગતિ, પંચેન્દ્રિયજાતિ, પાંચ-શરીર, ત્રણ અંગોપાંગ, વજ્રઋષભ-નારાચસંહનન, સમચતુરસ્ર-સંસ્થાન, પ્રશસ્ત વર્ણ, પ્રશસ્ત ગંધ, પ્રશસ્ત રસ, પ્રશસ્ત સ્પર્શ,

મનુષ્યાનુપૂર્વી, દેવાનુપૂર્વી, શુભવિહાયોગતિ, પરાઘાત, ઉચ્છ્વાસ, આતપ, ઉદ્યોત, અગુરુલઘુ, તીર્થંકર, નિર્માણ અને ત્રસદશક. ઉચ્ચગોત્ર એ શુભગોત્ર છે. કુલ મળીને ૪૫ પુણ્યપ્રકૃતિઓ છે. બાકીની પાપપ્રકૃતિઓ છે. કર્મપ્રકૃતિ આદિમાં સમ્યક્ત્વમોહનીય, હાસ્ય, રતિ અને પુરુષવેદ એ ચાર પ્રકૃતિ રહિત તથા તિર્યંચાયુ સહિત ૪૨ પ્રકૃતિઓને પુણ્યસ્વરૂપ કહી છે. આમાં તત્ત્વાર્થ પ્રમાણે અનુકૂળરૂપે વેદાય તે પુણ્ય, પ્રતિકૂળરૂપે વેદાય તે પાપ. કર્મપ્રકૃતિ આદિ પ્રમાણે આત્મવિકાસને બાધક તે પાપ, શેષ પુણ્ય.

## અધ્યાય-૯

**૧. आस्रव-निरोधः संवरः ।**

**૨. स गुप्ति-समिति-धर्मानुप्रेक्षा-परीषह-जय-चारित्रैः ।**

**३. तपसा निर्जरा च ।**

**४. सम्यग्योगनिग्रहो गुप्तिः ।**

[૧] આસ્રવોનો નિરોધ તે સંવર છે.

[૨] ગુપ્તિ, સમિતિ, ધર્મ, અનુપ્રેક્ષા, પરીષહોનો જય અને ચારિત્રથી સંવર થાય છે.

[૩] તપથી નિર્જરા અને સંવર બંને થાય છે.

[૪] મન, વચન અને કાયાના યોગોનો સમ્યક્નિગ્રહ= નિવૃત્તિ અથવા શુભપ્રવૃત્તિ તે ગુપ્તિ છે.

५. इर्या-भाषैषणा-ऽऽदाननिक्षेपोत्सर्गाः समितयः ।

६. उत्तमः क्षमा-मार्दवा-ऽऽर्जव-शौच-सत्य-संयम-
तपस्त्यागा-ऽऽकिंचन्य-ब्रह्मचर्याणि धर्मः ।

[૫] ઈર્યા, ભાષા, એષણા, આદાનનિક્ષેપ, ઉત્સર્ગ એ પાંચ પ્રકારે સમિતિ છે.

(૧) **ઈર્યાસમિતિ**-સંયમની રક્ષાને ઉદ્દેશીને આવશ્યક કાર્ય માટે યુગપ્રમાણ ભૂમિનું નિરીક્ષણ કરવા પૂર્વક ધીમીગતિથી જવું.

(૨) **ભાષાસમિતિ**-જરૂર પડે ત્યારે જ સ્વપરને હિતકારી, પ્રમાણોપેત, નિરવદ્ય અને સ્પષ્ટ બોલવું.

(૩) **એષણાસમિતિ**-સંયમના નિર્વાહ માટે જરૂરી વસ્ત્ર, આહાર આદિની શાસ્ત્રોક્ત વિધિ મુજબ તપાસ કરવી.

(૪) **આદાનનિક્ષેપસમિતિ**-સંયમનાં ઉપકરણોને શાસ્ત્રોક્ત વિધિથી ચક્ષુથી જોઈ અને રજોહરણ આદિથી પ્રમાર્જીને ગ્રહણ કરવા કે મૂકવા.

(૫) **ઉત્સર્ગસમિતિ**-શાસ્ત્રોક્ત વિધિ મુજબ ભૂમિને જોઈને નિરવદ્ય ભૂમિમાં મળ આદિનો ત્યાગ કરવો.

(૬) ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, સત્ય, સંયમ (મન આદિ યોગની નિવૃત્તિ કે શુભપ્રવૃત્તિ), તપ, (બિન જરૂરી વસ્તુનો) ત્યાગ, આકિંચન્ય (મૂર્ચ્છાનો અભાવ), બ્રહ્મચર્ય એ દશ પ્રકારનો શ્રેષ્ઠધર્મ છે.

७. **अनित्या-ऽशरण-संसारैकत्वा-ऽन्यत्वा-ऽशुचित्वा-ऽऽस्रव-संवर-निर्जरा-लोक-बोधिदुर्लभ धर्मस्वा-ख्यात-तत्त्वानुचिन्तनमनुप्रेक्षाः ।**

[૭] ૧. અનિત્યતા, ૨. અશરણતા, ૩. સંસાર, ૪. એકત્વ, ૫. અન્યત્વ, ૬. અશુચિત્વ, ૭. આસ્રવ, ૮. સંવર, ૯. નિર્જરા, ૧૦. લોક, ૧૧. બોધિદુર્લભતા, ૧૨. ધર્મસ્વાખ્યાતતા એ બાર પ્રકારે ચિંતન એ-૧૨ પ્રકારે અનુપ્રેક્ષા છે.

(૧) **અનિત્યતા**-ભૌતિક સર્વ વસ્તુઓની અને સ્વજનાદિના સંયોગની અનિત્યતા.

(૨) **અશરણતા**-ભૌતિક વસ્તુઓ અને સ્વજનાદિ પરિવાર આપત્તિ વખતે શરણભૂત ન બને. આપત્તિથી બચાવી ન શકે.

(૩) **સંસાર**-નરક આદિ ગતિમાં પરિભ્રમણ અને અનંત દુઃખોનો અનુભવ.

(૪) **એકત્વ**-જીવ એકલો જ જન્મે છે, એકલો જ મરે છે, સ્વકર્મના ફળને એકલો જ અનુભવે છે.

(૫) **અન્યત્વ**-ભૌતિક વસ્તુઓ સાથે સ્વજનાદિ આત્માથી ભિન્ન છે. અત્યારે થયેલો સંયોગ મુસાફરીમાં મિલન સમાન છે.

(૬) **અશુચિત્વ**-શરીરની અશુચિની વિવિધ રીતે વિચરણા.

८. मार्गाऽच्यवन-निर्जरार्थं परिषोढव्याः परीषहाः ।
९. क्षुत्-पिपासा-शीतोष्ण-दंश-मशक-नाग्न्या-ऽरति-स्त्री-चर्या निषद्या-शय्या-ऽऽक्रोश-वध-याचनाऽलाभरोग-तृणस्पर्श-मल-सत्कारपुरस्कार-प्रज्ञाऽज्ञाना-ऽदर्शनानि ।

(૭-૮-૯) ક્રમશઃ **આસ્રવ, સંવર** અને **નિર્જરા** તત્ત્વની વિચારણા.

(૧૦) **લોક**-વિવિધ રીતે લોકની=જગતની આકૃતિ કે સ્વરૂપ વગેરેની વિચારણા.

(૧૧) **બોધિદુર્લભતા**-બોધિની=સમ્યક્ત્વની કે મોક્ષમાર્ગની પ્રાપ્તિ દુર્લભ છે એની વિચારણા.

(૧૨) **ધર્મસ્વાખ્યાતતા**-સમ્યગ્દર્શન આદિ ધર્મની ઉત્તમતા, સ્વરૂપ, લાભ વગેરે રીતે વિચારણા.

[૮] સમ્યગ્દર્શન આદિ મોક્ષમાર્ગમાં સ્થિરતા રહે માટે તથા નિર્જરા માટે પરીષહો સહન કરવા જોઈએ.

[૯] (૧) **ક્ષુધા**-અતિ ક્ષુધા લાગવા છતાં અનેષણીય આહાર ન લેતાં ક્ષુધાને સમભાવે સહન કરવી.

(૨) **પિપાસા**-અતિ તૃષા લાગવા છતાં અનેષણીય પાણી ન લેતાં તૃષાને સમભાવે સહન કરવી.

(૩) **શીત**-અતિ ઠંડી પડવા છતાં અકલ્પ્ય વસ્ત્રો આદિનું ગ્રહણ ન કરતાં સમભાવે ઠંડીને સહન કરવી.

(૪) ઉષ્ણ-અતિ તાપ પડવા છતાં તાપને દૂર કરવા સંયમમાં બાધક વસ્તુ ગ્રહણ ન કરવી અને તાપ સહન કરવો.

(૫) **દંશમશક**-ડાંસ, મચ્છર આદિ જંતુઓનો ઉપદ્રવ થતાં શાંતિથી સહન કરવું.

(૬) **નાગ્ન્ય**-વસ્ત્રના અભાવરૂપ કે જીર્ણ વસ્ત્રરૂપ નગ્નતાને સહન કરવી.

(૭) **અરતિ**-સંયમના પાલનમાં અરતિ ઉત્પન્ન થાય તેવાં અનેક કષ્ટો ઉત્પન્ન થવા છતાં અરતિ ધારણ ન કરતાં આનંદથી તે કષ્ટોને સહન કરવાં.

(૮) **સ્ત્રી**-સ્ત્રીઓના અંગોપાંગ, હાસ્યાદિ કામચેષ્ટા આદિનું ચિંતન ન કરવું, સરાગદૃષ્ટિથી સ્ત્રી તરફ ન જોવું વગેરે.

(૯) **ચર્યા**-પ્રમાદનો ત્યાગ કરીને શાસ્ત્રોક્ત વિધિ મુજબ માસકલ્પ આદિની ચર્યાનું પાલન કરવું તથા તેમાં આવતાં કષ્ટોને સહન કરવાં.

(૧૦) **નિષદ્યા**-નિષદ્યા એટલે સ્થાન. સ્ત્રી-પશુ-પંડક રહિત સ્થાનમાં રહેવું તથા ત્યાં રહેતાં જે ઇષ્ટ-અનિષ્ટ પ્રસંગો ઊભા થાય તેને સમભાવે સહન કરવા.

(૧૧) **શય્યા**-શય્યા એટલે સંથારો. ખરબચડી કે કર્કશ શય્યા મળતાં ઉદ્વેગ અને અનુકૂળ મૃદુ શય્યા

મળતાં હર્ષ ન કરવો અથવા શય્યા એટલે વસતિ. ધૂળવાળી, ગરમીવાળી વગેરે પ્રતિકૂળ વસતિ મળતા ઉદ્વિગ્ન ન બનવું કે અનુકૂળ વસતિ મળતાં હર્ષ ન પામવો.

(૧૨) **આક્રોશ**-કોઈ અજ્ઞાની કે દ્વેષી આક્રોશ-તિરસ્કાર કરે તો તેના ઉપર ગુસ્સો ન કરતાં સમભાવે સહન કરવું.

(૧૩) **વધ**-પથ્થર આદિ દ્વારા કોઈ તાડન કરે તો શરીરનું વિનાશીપણું વગેરે વિચારીને સહન કરવું, પણ તાડન કરનાર ઉપર ક્રોધ ન કરવો.

(૧૪) **યાચના**-સંયમમાં જરૂરી વસ્ત્ર ગૃહસ્થ પાસે માંગવામાં માન કે શરમનો ત્યાગ કરવો. ભિક્ષુને જરૂરી સર્વ વસ્તુ ગૃહસ્થ પાસેથી જ માગવાની હોય છે. જો શરમ રાખે તો કેવી રીતે માગી શકે ?

(૧૫) **અલાભ**-જરૂરી વસ્તુ ગૃહસ્થ પાસે માગવા છતાં ન મળે તો ખેદ ન કરવો. લાભાંતરાય કર્મનો ઉદય છે, તપની વૃદ્ધિ થશે ઇત્યાદિ વિચારીને સમતા રાખવી.

(૧૬) **રોગ**-જ્વર આદિ રોગ ઉત્પન્ન થતાં જિનકલ્પ આદિ વિશિષ્ટકલ્પવાળા સાધુઓ તે રોગની ચિકિત્સા ન કરાવે તથા સ્થવિરકલ્પી સાધુઓ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે દવા કરાવતાં દવાથી રોગ મટે તો હર્ષ અને

ન મટે તો ખેદ-ચિંતા ન કરે.

(૧૭) **તૃણસ્પર્શ**-જિનકલ્પ આદિ વિશિષ્ટ કલ્પવાળા સાધુઓને અને કેટલાક પ્રસંગોમાં સ્થવિરકલ્પી (ગચ્છવાસી) સાધુઓને તૃણનો સંથારો કરવાનું વિધાન છે. તૃણના સંથારાના તૃણની અણીઓ શરીરમાં વાગે તો પણ અન્ય વસ્ત્રની ઈચ્છા ન કરે, કિન્તુ સમતાથી સહન કરે.

(૧૮) **મલ**-સાધુઓને કામરાગના કારણભૂત જલસ્નાન કરવાનો નિષેધ છે. પરસેવા આદિથી શરીરે મેલ લાગ્યો હોય, એથી દુર્ગંધ આવતી હોય, તો પણ શરીરનો મેલ કે દુર્ગંધ દૂર કરવા સ્નાન કરવાની ઈચ્છા ન રાખવી.

(૧૯) **સત્કાર**-લોકો સત્કાર-સન્માન કરે તો હર્ષ ન પામે અને સત્કાર-સન્માન ન કરે તો ખેદ ન પામે.

(૨૦) **પ્રજ્ઞા**-પોતે બહુશ્રુત મહાવિદ્વાન હોવાથી અનેક લોકો દેશના સાંભળે, અનેક પ્રશ્નો કરે, પોતે તેમને દેશના આદિથી સંતુષ્ટ કરે, આથી લોકો તેની પ્રશંસા કરે તો પણ ગર્વથી હર્ષ ન પામે, કિન્તુ પોતાનાથી અધિક બહુશ્રુત પૂર્વપુરુષોને યાદ કરીને તેમની પાસે પોતે કોઈ વિસાતમાં નથી એમ વિચારે.

(૨૧) **અજ્ઞાન**-પૂર્વે બાંધેલા જ્ઞાનાવરણીયકર્મના ઉદયથી જ્ઞાન ન મેળવી શકે, આગમાદિનાં તત્ત્વો

१०. सूक्ष्मसंपराय-च्छद्मस्थवीतरागयोश्चतुर्दश ।

११. अेकादश जिने ।

१२. बादर-संपराये सर्वे ।

न समજી શકે, તો પોતાના કર્મનો ઉદય વિચારી સંયમમાં લીન બને, કિન્તુ હાય-વોય કે ઉદ્વેગને વશ ન થાય.

(૨૨) અદર્શન-સંયમની સુંદર સાધના કરવા છતાં અનેક કષ્ટો આવે, અતિ પ્રયત્ન કરવા છતાં શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ન સમજાય, પરદર્શનોના પ્રત્યક્ષ ચમત્કારો દેખાય ઇત્યાદિ સમ્યક્ત્વથી ચલિત થવાનાં અનેક કારણો ઉપસ્થિત થવાં છતાં સમ્યક્ત્વથી=શ્રદ્ધાથી ચલિત ન થવું.

[૧૦] ૧૦, ૧૧, ૧૨ એ ત્રણ ગુણસ્થાનોમાં મોહનીયકર્મનો ઉદય ન હોવાથી મોહનીયજન્ય-૮ પરીષહો સિવાયના ૧૪ પરીષહો હોય છે. (૧૦મા ગુણસ્થાને લોભ હોવા છતાં અત્યંત સૂક્ષ્મ હોવાથી સ્વકાર્ય કરવાને અસમર્થ છે.)

[૧૧] જિનને ઘાતિકર્મોનો ઉદય ન હોવાથી કેવળ વેદનીયજન્ય ૧૧ પરીષહો હોય છે.

[૧૨] નવમા ગુણઠાણા સુધી સર્વ પરીષહો હોય છે. કારણ કે જે કર્મોથી પરીષહો પ્રાપ્ત થાય છે તે સર્વ કર્મોનો ઉદય નવમા ગુણઠાણા સુધી હોય છે.

१३. ज्ञानावरणे प्रज्ञा-ऽज्ञाने ।
१४. दर्शनमोहा-ऽन्तराययोरदर्शना-ऽलाभौ ।
१५. चारित्रमोहे नाग्न्या-ऽरति-स्त्री-निषद्या-ऽऽक्रोश-याचना-सत्कारपुरस्काराः ।
१६. वेदनीये शेषाः ।
१७. एकादयो भाज्या युगपदेकोनविंशतेः ।
१८. सामायिक-च्छेदोपस्थाप्य-परिहारविशुद्धि-सूक्ष्मसंपराय-यथाख्यातानि चारित्रम् ।

[૧૩] પ્રજ્ઞા અને અજ્ઞાન એ બે પરીષહ જ્ઞાનાવરણ કર્મના ઉદયે હોય છે.

[૧૪] દર્શનમોહના ઉદયે અદર્શન પરીષહ તથા લાભાંતરાયના ઉદયે અલાભ પરીષહ સંભવે છે.

[૧૫] નાગ્ન્ય, અરતિ, સ્ત્રી, નિષદ્યા, આક્રોશ, યાચના, સત્કાર એ સાત પરીષહો ચારિત્રમોહના ઉદયે હોય છે. અનુક્રમે જુગુપ્સા, અરતિ, સ્ત્રીવેદ, ભય, ક્રોધ, માન, લોભરૂપ ચારિત્ર-મોહનીય કર્મના ઉદયે હોય છે.

[૧૬] બાકીના ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, ચર્યા, શય્યા, વધ, રોગ, તૃણસ્પર્શ, મલ એ અગિયાર પરીષહો વેદનીય કર્મના ઉદયે હોય છે.

[૧૭] એક જીવને બાવીસમાંથી એકી સાથે એક, બે, ત્રણ યાવત્ ૧૯ પરીષહો હોઈ શકે છે.

[૧૮] સામાયિક, છેદોપસ્થાપ્ય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મ સંપરાય, યથાખ્યાત એ પાંચ પ્રકારે ચારિત્ર હોય છે.

(૧) **સામાયિક**-સમ એટલે રાગ-દ્વેષનો અભાવ=સમતા. આય એટલે લાભ. જેનાથી સમતાની પ્રાપ્તિ થાય તે સામાયિક. સામાયિકચારિત્રના ઈત્વરકાલ (થોડા સમય માટેનું) અને યાવજ્જીવિક (સદા રહેનાર) એમ બે ભેદ છે. પ્રથમ અને અંત્ય તીર્થંકરના તીર્થમાં ઈત્વરકાલ અને બાવીશ તીર્થંકરોના તીર્થમાં યાવજ્જીવિક સામાયિક હોય છે.

(૨) **છેદોપસ્થાપ્ય**-છેદોપસ્થાપ્યમાં છેદ અને ઉપસ્થાપ્ય એ બે શબ્દો છે. જેમાં પૂર્વ પર્યાયનો છેદ અને ઉત્તર (નવા) પર્યાયમાં ઉપસ્થાપન તે છેદોપસ્થાપ્ય. પ્રથમ અને છેલ્લા જિનેશ્વરોના સાધુઓને સામાયિક બાદ આ ચારિત્ર આપવામાં આવે છે.

(૩) **પરિહારવિશુદ્ધિ**-અમુક પ્રકારના તપને પરિહાર કહેવામાં આવે છે. પરિહાર તપથી વિશુદ્ધ ચારિત્ર તે પરિહાર-વિશુદ્ધિ.

(૪) **સૂક્ષ્મસંપરાય**-સંપરાય એટલે લોભ. સૂક્ષ્મ=અતિ અલ્પ પ્રમાણમાં લોભ હોય ત્યારે (દશમા ગુણઠાણે) આ ચારિત્ર હોય છે.

(૫) **યથાખ્યાત**-જિનેશ્વરોએ જેવું કહ્યું છે તેવું ચારિત્ર તે યથાખ્યાત. જિનેશ્વરોએ શ્રેષ્ઠ ચારિત્ર તરીકે અકષાય= કષાયરહિત ચારિત્ર કહ્યું છે. કષાયરહિત ચારિત્ર ૧૧, ૧૨, ૧૩, ૧૪ એ ચાર ગુણસ્થાનોમાં હોય છે.

१९. अनशना-ऽवमौदर्य-वृत्तिपरिसंख्यान-रस-परित्याग-विविक्तशय्यासन-कायक्लेशा बाह्यं तपः ।

[૧૯] અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસત્યાગ, વિવિક્ત શય્યાસન અને કાયક્લેશ એમ છ પ્રકારનો બાહ્ય તપ છે.

(૧) **અનશન**-અનશન તપના ઈત્વર અને યાવજ્જીવ એમ બે ભેદ છે. જે થોડા સમય માટે કરવામાં આવે તે ઈત્વરતપ. નવકારશી, પોરિસી, એકાસણું, આયંબિલ, ઉપવાસ, છટ્ઠ યાવત્ છ મહિનાના ઉપવાસ સુધીનો તપ ઈત્વર અનશન છે. યાવજ્જીવ અનશનના મુખ્ય ત્રણ ભેદો છે. (૧) પાદપોપગમન, (૨) ઇંગિની, (૩) ભક્ત પ્રત્યાખ્યાન.

(૧) **પાદપોપગમન અનશન**-મરણ નજીક આવતાં ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને શુદ્ધ ભૂમિમાં જીવનપર્યંત વૃક્ષની જેમ નિશ્ચલ થઈને એક પડખે સૂઈ રહે. આમાં જરા પણ અંગ-ઉપાંગોને ચલાવી ન શકાય. સદા પ્રશસ્ત ધ્યાનમાં લીન રહેવું જોઈએ.

(૨) ઇંગિની-ઇંગિની એટલે ચેષ્ટા. જેમાં નિયત જ પ્રદેશમાં એક સ્થળેથી બીજા સ્થળે જવું વગેરે ક્રિયા જાતે જ કરી શકાય તે ઇંગિની અનશન. મરણ નજીક આવતાં જીવનપર્યંત ચારે પ્રકારના આહારનો

ત્યાગ કરીને શુદ્ધભૂમિમાં રહે. આમાં તડકેથી છાંયડે કે છાંયડેથી તડકે જવા વગેરેની છૂટ હોય છે.

(૩) **ભક્તપ્રત્યાખ્યાન**-જીવનપર્યંત ભક્તનું પચ્ચક્ખાણ =ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના આહારનો ત્યાગ તે ભક્તપ્રત્યાખ્યાન અનશન. આમાં ઊઠવું, બેસવું આદિ શરીરક્રિયા સ્વયં કરી શકે અને બીજાની પાસે પણ કરાવી શકે.

(૨) **ઊણોદરી**-ભૂખથી ઓછો આહાર લેવો.

(૩) **વૃત્તિસંક્ષેપ**-વૃત્તિ એટલે આહાર. તેનો સંક્ષેપ તે વૃત્તિસંક્ષેપ. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી વિશિષ્ટ અભિગ્રહો ધારણ કરવા. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી ચાર રીતે અભિગ્રહ થઈ શકે.

**દ્રવ્યથી**-અમુક જ દ્રવ્યો લેવાં. તે સિવાયનાં દ્રવ્યોનો ત્યાગ. તથા અમુક સંખ્યામાં જ ૫-૬-૭ દ્રવ્યો લેવાં, તેથી અધિકનો ત્યાગ એ પણ દ્રવ્યાભિગ્રહ છે.

**ક્ષેત્રથી**-અમુક ક્ષેત્ર સિવાયના ક્ષેત્રનો ત્યાગ. દા.ત. અમુક ઘરોની જ ગોચરી લેવી. તે સિવાયનાં ઘરોની ગોચરીનો ત્યાગ. ગૃહસ્થો ઘરમાં અથવા બહાર અમુક વસ્તુનો ત્યાગ ઇત્યાદિ રૂપે ક્ષેત્રથી અભિગ્રહ લઈ શકે છે.

**કાળથી**-બપોરના સમયે જ ભિક્ષા ગ્રહણ કરીશ ઇત્યાદિ. ગૃહસ્થો પણ અમુક વસ્તુ દિવસે જ લેવી,

२०. प्रायश्चित्त-विनय-वैयावृत्य-स्वाध्याय-व्युत्सर्ग-ध्यानान्युत्तरम् ।

શિયાળામાં જ લેવી, ઈત્યાદિ રૂપે કાળથી અભિગ્રહ ગ્રહણ કરી શકે છે.

**ભાવથી**-હસતો માણસ વહોરાવે તો જ ભિક્ષા લેવી ઈત્યાદિ. ગૃહસ્થો તબિયત નરમ હોય તો જ અમુક વસ્તુ લેવી, અન્યથા નહિ, ઈત્યાદિ રૂપે ભાવથી અભિગ્રહ ગ્રહણ કરી શકે છે.

(૪) **રસત્યાગ**-વિગઈઓનો ત્યાગ તે રસત્યાગ. વિગઈઓ દશ છે. તેમાં દૂધ, દહીં, ઘી, તેલ, ગોળ અને તળેલી વસ્તુ (કડા વિગઈ) એ છ લઘુ વિગઈ અને મદિરા, માંસ, માખણ, મધ એ ચાર મહાવિગઈ છે.

(૫) **વિવિક્ત શય્યાસન**-સ્ત્રી, પશુ, નપુંસક આદિથી રહિત શૂન્યઘર, મંદિર, ચોરો, ગુફા, ઉપાશ્રય આદિ સ્થળે વસવું.

(૬) **કાયક્લેશ**-વીરાસન આદિ આસનોથી બેસવું, કાયોત્સર્ગ કરવો, લોચ કરવો, ઉગ્ર વિહાર કરવો ઈત્યાદિ કાયક્લેશ તપ છે.

[૨૦] પ્રાયશ્ચિત્ત, વિનય, વેયાવચ્ચ, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ, ધ્યાન એ છ ભેદો અભ્યંતર તપના છે.

(૧) **પ્રાયશ્ચિત્ત**-લાગેલા દૂષણોની જેનાથી શુદ્ધિ થઈ શકે તે આલોચના આદિ.

**२१. नव-चतु-र्दश-पंच-द्वि-भेदं यथाक्रमं प्राग्ध्यानात् ।**
**२२. आलोचन-प्रतिक्रमण-तदुभय-विवेक-व्युत्सर्ग-तपश्छेद-परिहारोपस्थापनानि ।**

(૨) **વિનય**-ગુણ અને ગુણી પ્રત્યે આશાતનાના ત્યાગપૂર્વક ભક્તિ-બહુમાન.

(૩) **વૈયાવચ્ચ**-આચાર્ય આદિ મહાપુરુષોની સેવા. વિનયમાં માનસિક પરિણામની પ્રધાનતા છે. વૈયાવચ્ચમાં બાહ્યવ્યાપારની અને આહારાદિ દ્રવ્યની પ્રધાનતા છે.

(૪) **સ્વાધ્યાય**-નવીન શ્રુતનો કે અભ્યસ્ત શ્રુતનો અભ્યાસ.

(૫) **વ્યુત્સર્ગ**-વ્યુત્સર્ગ=ત્યાગ. બિનજરૂરી કે સાધનામાં વિઘ્નભૂત વસ્તુનો ત્યાગ.

(૬) **ધ્યાન**-ચિત્તની એકાગ્રતા. વિવિધ વિષયોમાં ભટકતા ચિત્તને કોઈ એક વિષયમાં સ્થિર કરવું.

[૨૧] પ્રાયશ્ચિત્તના નવ, વિનયના ચાર, વૈયાવચ્ચના દસ, સ્વાધ્યાયના પાંચ અને વ્યુત્સર્ગના બે ભેદો છે.

[૨૨] પ્રાયશ્ચિત્તના આલોચન, પ્રતિક્રમણ, આલોચન-પ્રતિક્રમણ, વિવેક, વ્યુત્સર્ગ, તપ, છેદ, પરિહાર અને ઉપસ્થાપન એ નવ ભેદો છે.

(૧) **આલોચન**-સ્વદોષો ગુરુ સમક્ષ પ્રગટ કરવા.

(૨) **પ્રતિક્રમણ**-લાગેલા દોષો માટે મિથ્યાદુષ્કૃત આપવું.

અર્થાત્ દોષોના હાર્દિક સ્વીકાર સાથે આ મેં અયોગ્ય કર્યું છે એવો પશ્ચાત્તાપ કરવો.

(૩) **આલોચન-પ્રતિક્રમણ**-આલોચના અને પ્રતિક્રમણ બંને કરવાં તે. અર્થાત્ દોષોને ગુરુ સમક્ષ પ્રગટ કરવા અને પશ્ચાત્તાપપૂર્વક મિચ્છા મિ દુક્કડમ્ આપવું.

(૪) **વિવેક**-ત્યાગ. ઉપયોગપૂર્વક આહારાદિ લેવા છતાં અશુદ્ધ આવી જાય તો તેનો વિધિપૂર્વક ત્યાગ કરવો.

(૫) **વ્યુત્સર્ગ**-અહીં વ્યુત્સર્ગ એટલે કાયોત્સર્ગ. અનેષણીય કે જંતુમિશ્રિત આહારપાણી કે મળ-મૂત્ર વગેરે પરઠવવા આદિ માટે થતી ગમનાગમનાદિની ક્રિયાઓમાં લાગેલા દોષોની શુદ્ધિ માટે કાઉસ્સગ્ગ કરવો તે કાયોત્સર્ગ.

(૬) **તપ**-છ પ્રકારના બાહ્ય અને છ પ્રકારના અભ્યંતર તપનું સેવન.

(૭) **છેદ**-દીક્ષાપર્યાયનો છેદ.

(૮) **પરિહાર**-જ્યાં સુધી ગુરુએ આપેલ પ્રાયશ્ચિત્ત પૂર્ણ ન કરે ત્યાં સુધી દોષિતની સાથે જઘન્યથી મહિના સુધી અને ઉત્કૃષ્ટથી છ મહિના સુધી વંદન, અન્નનું આદાન-પ્રદાન, આલાપ વગેરે ક્રિયાનો પરિહાર-ત્યાગ.

(૯) **ઉપસ્થાપન**-પૂર્વના દીક્ષાપર્યાયને રદ કરીને ફરીથી પ્રવ્રજ્યા આપવી.

**મૂલ**-મૂલથી ફરી દીક્ષા આપવી.

२३. ज्ञान-दर्शन-चारित्रोपचाराः ।

**અનવસ્થાપ્ય**-કરેલા અપરાધનું પ્રાયશ્ચિત્ત ન કરે ત્યાં સુધી મહાવ્રતો ન ઉચ્ચરાવવા.

**પારાંચિત**-સાધ્વીનો શીલભંગ કરે ઈત્યાદિ મોટા દોષોની શુદ્ધિ માટે ગચ્છની બહાર નીકળી ૧૨ વર્ષ સુધી છુપાવેશમાં ફરે તથા શાસનની પ્રભાવના કરે બાદ ફરી દીક્ષા લઈ ગચ્છમાં દાખલ થાય.

[૨૩] જ્ઞાનવિનય, દર્શનવિનય, ચારિત્રવિનય, ઉપચારવિનય એમ વિનયના ચાર ભેદ છે.

(૧) **જ્ઞાનવિનય**-મતિ આદિ પાંચ પ્રકારના જ્ઞાનની તથા તે તે જ્ઞાનના તે તે વિષયની શ્રદ્ધા કરવી, જ્ઞાન તથા જ્ઞાનીની ભક્તિ કરવી, બહુમાનભાવ રાખવો, જ્ઞેયપદાર્થોનું ચિંતન કરવું, વિધિપૂર્વક નવું જ્ઞાન ગ્રહણ કરવું, ગ્રહણ કરેલ જ્ઞાનનું પરિશીલન કરવું વગેરે.

(૨) **દર્શનવિનય**-તત્ત્વભૂત અર્થોની શ્રદ્ધા કરવી આદિ સમ્યક્ત્વનાં લક્ષણોથી આત્માને વાસિત કરવો, દેવ-ગુરુની આશાતના ન કરવી તથા ઉચિત સેવા કરવી ઈત્યાદિ.

(૩) **ચારિત્રવિનય**-પાંચ પ્રકારના ચારિત્રની શ્રદ્ધા રાખવી, યથાશક્તિ ચારિત્રનું પાલન કરવું, અન્યને ચારિત્રનો ઉપદેશ આપવો વગેરે.

२४. आचार्योपाध्याय-तपस्वि-शैक्षक-ग्लान-गण-
कुल-संघ-साधु-समनोज्ञानाम् ।

२५. वाचना-पृच्छना-ऽनुप्रेक्षा-ऽऽम्नाय-धर्मो-पदेशाः ।

२६. बाह्याऽभ्यन्तरोपध्योः ।

(૪) ઉપચારવિનય-સમ્યગ્દર્શન આદિ ગુણોથી અધિક મોટાઓ આવે ત્યારે સામા જવું, અંજલિ જોડવી, ઊભા થવું, આસન આપવું, વંદન કરવું, આદર-સત્કાર કરવો, સદ્ભૂત ગુણોની પ્રશંસા કરવી વગેરે.

[૨૪] આચાર્ય, ઉપાધ્યાય, તપસ્વી, શૈક્ષક (નવ-દીક્ષિત), ગ્લાન, ગણ (એક આચાર્યનો સમુદાય), કુલ (અનેક ગચ્છોનો સમુદાય), સંઘ (સાધુ-આદિ-૪), સાધુ અને સમનોજ્ઞ (=પરસ્પર ગોચરી પાણી આદિનો વ્યવહાર હોય તે) એમ વૈયાવૃત્ત્યના દશ ભેદ છે.

[૨૫] વાચના (પાઠ લેવો), પૃચ્છના (પ્રશ્નો કરવા), અનુપ્રેક્ષા (મનમાં ચિંતન), આમ્નાય (મુખના ઉચ્ચારપૂર્વક જૂનું કે નવું શ્રુત ભણવું) અને ધર્મોપદેશ (અર્થનું વ્યાખ્યાન) એ પાંચ પ્રકારનો સ્વાધ્યાય છે. (અત્યારે અપાતું વ્યાખ્યાન ધર્મોપદેશ રૂપ સ્વાધ્યાય છે.)

[૨૬] બાર પ્રકારની બાહ્યોપધિનો ત્યાગ તથા શરીર અને

२७. उत्तमसंहननस्यैकाग्रचिन्तानिरोधो ध्यानम् ।
२८. आमुहूर्तात् ।
२९. आर्त-रौद्र-धर्म्म-शुक्लानि ।
३०. परे मोक्षहेतू ।
३१. आर्तममनोज्ञानां सम्प्रयोगे तद्विप्रयोगाय स्मृति-समन्वाहारः ।

કષાયરૂપ અભ્યંતર ઉપધિનો ત્યાગ એમ વ્યુત્સર્ગના બે ભેદ છે.

[૨૭] કોઈ એક વિષયમાં ચિત્તની સ્થિરતા તે ધ્યાન. **एकाग्र** એટલે એક આલંબન=એક વિષય. **चिंता** એટલે ચળચિત્ત. **निरोध** એટલે સ્થિરતા. ચલચિત્તની એક વિષયમાં સ્થિરતા તે ધ્યાન.

[૨૮] લગાતાર ધ્યાન વધારેમાં વધારે અંતર્મુહૂર્ત સુધી રહે છે.

[૨૯] આર્તધ્યાન, રૌદ્રધ્યાન, ધર્મધ્યાન, શુક્લધ્યાન એ ચાર ધ્યાનના ભેદો છે.

[૩૦] ચાર પ્રકારના ધ્યાનમાં ધર્મધ્યાન અને શુક્લધ્યાન એ બે ધ્યાન મોક્ષના હેતુ છે. આથી એ ફલિતાર્થ થાય છે કે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એ બે સંસારનાં કારણ છે.

[૩૧] અનિષ્ટ વસ્તુનો સંયોગ થતાં તેને દૂર કરવાના ઉપાયનો એકાગ્ર ચિત્તે વિચાર તે આર્તધ્યાનનો **'અનિષ્ટવિયોગ-ચિંતા'** રૂપ પ્રથમ ભેદ છે.

३२. वेदनायाश्च ।

३३. विपरीतं मनोज्ञानाम् ।

३४. निदानं च ।

३५. तदविरत-देशविरत-प्रमत्त-संयतानाम् ।

३६. हिंसा-ऽनृत-स्तेय-विषयसंरक्षणेभ्यो रौद्रमविरत-देशविरतयोः ।

३७. आज्ञा-ऽपाय-विपाक-संस्थान-विचयाय धर्म्मम-प्रमत्तसंयतस्य ।

[૩૨] રોગને દૂર કરવાના ઉપાયનો એકાગ્રચિત્તે વિચાર તે આર્તધ્યાનનો **'રોગ-વિયોગ-ચિંતા'** રૂપ બીજો ભેદ છે.

[૩૩] ઈષ્ટ વસ્તુનો વિયોગ થતાં તેને મેળવવાના ઉપાયનો એકાગ્ર ચિત્તે વિચાર તે આર્તધ્યાનનો **'ઈષ્ટ સંયોગ ચિંતા'** રૂપ ત્રીજો ભેદ છે.

[૩૪] ધર્મના ફળરૂપે આ લોક કે પરલોકનાં ભૌતિક સુખની ઈચ્છા તે આર્તધ્યાનનો **'નિદાન'** રૂપ ચોથો ભેદ છે.

[૩૫] આ આર્તધ્યાન અવિરત, દેશવિરત અને પ્રમત્ત-સંયમીઓને હોય છે.

[૩૬] હિંસા માટે, અસત્ય માટે, ચોરી માટે અને વિષયસંરક્ષણ માટે એકાગ્રચિત્તે વિચાર તે ચાર પ્રકારનું રૌદ્રધ્યાન છે. આ ધ્યાન અવિરત તથા દેશવિરત જીવોને હોય છે.

[૩૭] **આજ્ઞાવિચય**-ભગવાનની આજ્ઞા શું છે ઇત્યાદિ

३८. उपशान्त-क्षीणकषाययोश्च ।

३९. शुक्ले चाऽऽद्ये (पूर्वविदः) ।

४०. परे केवलिनः ।

४१. पृथक्त्वैकत्व-वितर्क-सूक्ष्मक्रियाऽप्रतिपाति-
व्युपरतक्रियाऽनिवृत्तीनि ।

વિચાર. **અપાયવિચય**-સંસારના અપાયની (શારીરિક અને માનસિક દુઃખની) વિચારણા. **વિપાકવિચય**-વિપાકની (તે તે કર્મથી મળતાં દુઃખોની) વિચારણા. **સંસ્થાન-વિચય**-સંસ્થાનની (લોકના આકારની) વિચારણા. એમ ધર્મધ્યાનના ચાર ભેદો છે. તે અપ્રમત્ત સંયતને હોય છે.

[૩૮] ઉપશાંત કષાય અને ક્ષીણકષાય મુનિઓને પણ ધર્મધ્યાન હોય છે.

[૩૯] પૂર્વના જાણકાર ઉપશાંતકષાય અને ક્ષીણકષાય મુનિઓને શુક્લધ્યાનના પ્રથમના બે ભેદો પણ હોય છે.

[૪૦] શુક્લધ્યાનના અંતિમ ભેદો કેવળીને હોય છે. તેમાં પ્રથમ ભેદ ૧૩મા ગુણસ્થાનને અંતે હોય છે અને બીજો ભેદ ચૌદમા ગુણસ્થાને હોય છે.

[૪૧] પૃથુક્ત્વવિતર્ક (સવિચાર), એકત્વવિતર્ક (અવિચાર), સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી, વ્યુપરતક્રિયા નિવૃત્તિ એ પ્રમાણે શુક્લધ્યાનના ચાર ભેદ છે.

४२. तत् त्र्येक-काययोगा-ऽयोगानाम् ।
४३. अेकाश्रये सवितर्के पूर्वे ।

(૧) પૃથક્ત્વ-વિતર્ક-સવિચાર-પૃથક્ત્વ એટલે ભેદ=જુદાપણું. વિતર્ક એટલે પૂર્વગત શ્રુતના આધારે ચિંતન. વિચાર એટલે દ્રવ્યપર્યાયની, અર્થ-શબ્દની કે મન આદિ ત્રણ યોગની સંક્રાંતિ=પરાવર્તન. વિચારથી સહિત તે સવિચાર. પૂર્વગતશ્રુતના આધારે આત્મા આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને ઉત્પાદાદિ અનેક પર્યાયોનું ભેદપ્રધાન (દ્રવ્ય-પર્યાયનો ભેદ) ચિંતન થાય અને સાથે સાથે દ્રવ્ય-પર્યાય આદિનું પરાવર્તન થાય તે પૃથક્ત્વવિતર્ક સવિચાર ધ્યાન. (શેષ ત્રણ ધ્યાનની વ્યાખ્યા ૪૬મા સૂત્રમાં છે.)

[૪૨] પ્રથમ પ્રકારનું ધ્યાન મનોયોગ, વચનયોગ અને કાયયોગ એ ત્રણ યોગના વ્યાપારવાળાને હોય છે. બીજા ભેદનું ધ્યાન ઉક્ત ત્રણ યોગમાંથી કોઈ એક યોગના વ્યાપારવાળાને હોય છે. ત્રીજા ભેદનું ધ્યાન કેવળ કાયયોગના વ્યાપારવાળાને હોય છે. ચોથા ભેદનું ધ્યાન યોગના વ્યાપારથી રહિત જીવોને હોય છે.

[૪૩] એકાશ્રય એટલે એક આલંબન. સવિતર્ક એટલે શ્રુતસહિત. શુક્લધ્યાનના પ્રથમના બે ભેદોમાં પૂર્વગત શ્રુતના આધારે આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યનું ધ્યાન હોય છે.

४४. अविचारं द्वितीयम् ।

४५. वितर्कः श्रुतम् ।

४६. विचारोऽर्थ-व्यंजन-योग-संक्रान्तिः ।

[૪૪] પ્રથમના બે ભેદોમાં બીજો ભેદ વિચારથી રહિત એટલે કે ધ્યેય દ્રવ્ય, શબ્દ અને યોગની સંક્રાંતિથી રહિત હોય છે. આથી એ સિદ્ધ થયું કે પ્રથમ ભેદ સવિચાર=વિચાર-સહિત હોય છે. પ્રથમભેદ એકાશ્રય સવિતર્ક અને સવિચાર હોય છે. બીજો ભેદ એકાશ્રય સવિતર્ક અને અવિચાર હોય છે.

[૪૫] વિતર્ક એટલે (પૂર્વગત) શ્રુત.

[૪૬] અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ એ વિચાર છે. અર્થ એટલે દ્રવ્ય અને પર્યાય. વ્યંજન એટલે ધ્યેય પદાર્થનો અર્થવાચક શબ્દ અર્થાત્ શ્રુતવચન. મન, વચન અને કાય એ ત્રણ યોગ છે. સંક્રાંતિ એટલે પરાવર્તન. કોઈ એક દ્રવ્યના ધ્યાનનો ત્યાગ કરી અન્ય દ્રવ્યનું કે પર્યાયનું ધ્યાન કરવું અથવા કોઈ એક પર્યાયના ધ્યાનનો ત્યાગ કરી અન્ય પર્યાયનું કે દ્રવ્યનું ધ્યાન કરવું એ અર્થ સંક્રાંતિ છે. શબ્દ ઉપરથી અર્થ ઉપર અને અર્થ ઉપરથી શબ્દ ઉપર જવું એ વ્યંજન સંક્રાંતિ છે. કાયયોગનો ત્યાગ કરી વચનયોગનું કે મનોયોગનું આલંબન લેવું, મનોયોગનો ત્યાગ કરી વચનયોગ કે કાયયોગનું

આલંબન લેવું તે યોગસંક્રાંતિ છે. આ અર્થ, વ્યંજન અને યોગની સંક્રાંતિ શુક્લધ્યાનના પ્રથમભેદમાં હોય છે. બીજા ભેદમાં આ સંક્રાંતિનો= પરાવર્તનનો અભાવ હોય છે. આથી પ્રથમભેદ સવિચાર=સંક્રાંતિસહિત અને બીજો ભેદ અવિચાર= સંક્રાંતિરહિત હોય છે.

(૨) **એકત્વ-વિતર્ક-અવિચાર**-એકત્વ એટલે અભેદ. આ ધ્યાનમાં દ્રવ્ય અને પર્યાયનું અભેદરૂપે ચિંતન હોય છે. પૂર્વગત શ્રુતના આધારે આત્મા કે પરમાણુ આદિ કોઈ એક દ્રવ્યને આશ્રયીને ઉત્પાદ આદિ કોઈ એક પર્યાયનું અભેદથી (દ્રવ્ય-પર્યાયનો અભેદ) ચિંતન થાય અને અર્થ-વ્યંજન-યોગના પરાવર્તનનો અભાવ હોય તે એકત્વ વિતર્ક અવિચાર.

આ ધ્યાન વિચારરહિત હોવાથી પવનથી રહિત સ્થાને રહેલા દીપકની સમાન નિષ્પ્રકંપ=સ્થિર હોય છે.

(૩) **સૂક્ષ્મક્રિયા-અપ્રતિપાતિ**-જેમાં માત્ર શ્વાસોશ્વાસ રૂપ સૂક્ષ્મ-ક્રિયા જ રહી છે અને ધ્યાન કરનારના પરિણામવિશેષનું પતન નથી તે ધ્યાન સૂક્ષ્મક્રિયા અપ્રતિપાતી. ૧૩મા ગુણઠાણે યોગનિરોધકાળે સૂક્ષ્મકાયયોગ બાકી રહે ત્યારે આ ધ્યાન હોય છે.

(૪) **વ્યુપરતક્રિયા-નિવૃત્તિ**-જેમાં મન આદિ ત્રણે યોગોનો

४७. सम्यग्दृष्टि-श्रावक-विरता-ऽनन्तवियोजक-दर्शनमोहक्षपकोपशमकोपशान्तमोह-क्षपक-क्षीणमोह-जिनाः क्रमशोऽसंख्येयगुण-निर्जराः ।

४८. पुलाक-बकुश-कुशील-निर्ग्रन्थ-स्नातका निर्ग्रन्थाः ।

સર્વથા નિરોધ થઈ ગયો છે તથા ધ્યાન કરનારના પરિણામવિશેષનું પતન નથી તે ધ્યાન વ્યુપરતક્રિયા નિવૃત્તિ. ચૌદમા ગુણસ્થાને યોગોનો સર્વથા નિરોધ હોવાથી આ ધ્યાન ચૌદમા ગુણસ્થાને હોય છે.

[૪૭] સમ્યગ્દષ્ટિ, શ્રાવક, વિરત (સાધુ), અનંતાનુબંધી વિયોજક (અનંતાનુબંધીનો ક્ષય કરનાર), દર્શનમોહક્ષપક (દર્શનસપ્તકનો ક્ષય કરનાર), મોહોપશમક (મોહનો ઉપશમ કરનાર), ઉપશાંતમોહ (મોહને જેણે ઉપશાંત કરી દીધો છે), મોહક્ષપક (મોહનો ક્ષય કરનાર), ક્ષીણમોહ (જેણે મોહનો ક્ષય કરી દીધો છે.) જિન (જેણે ચાર ઘાતિકર્મનો નાશ કર્યો છે.) આ દશ અનુક્રમે પૂર્વ-પૂર્વથી અસંખ્યાત ગુણ નિર્જરા કરે છે.

[૪૮] ૧. પુલાક, ૨. બકુશ, ૩. કુશીલ, ૪. નિર્ગ્રંથ અને ૫. સ્નાતક એ પાંચ પ્રકારના નિર્ગ્રંથો=સાધુઓ છે.

પુલાકના બે ભેદો-લબ્ધિપુલાક અને સેવાપુલાક. પુલાક= નિઃસાર. તપ અને શ્રુતના પ્રભાવથી ઉત્પન્ન થયેલી લબ્ધિઓનો સ્વમહત્તા આદિ માટે ઉપયોગ

કરી આત્માને ચારિત્રના સારથી રહિત કરે તે લબ્ધિપુલાક. **સેવાપુલાકના પાંચ ભેદો** (૧) **જ્ઞાનપુલાક=** જ્ઞાનાચારમાં અતિચાર લગાડે. (૨) **દર્શનપુલાક=** દર્શનાચારમાં અતિચાર લગાડે. (૩) **ચારિત્રપુલાક=** ચારિત્રમાં અતિચાર લગાડે. (૪) **લિંગપુલાક=** નિષ્કારણ શાસ્ત્રોક્ત સાધુવેષથી અન્ય સાધુવેષને ધારણ કરે. (૫) **સૂક્ષ્મપુલાક=**મનથી સૂક્ષ્મ અતિચારો લગાડે. **બકુશના બે ભેદો**-(૧) **શરીરબકુશ=** મુખપ્રક્ષાલન વગેરે શરીરવિભૂષા દ્વારા ચારિત્રને બકુશ=મલીન બનાવે. (૨) **ઉપકરણબકુશ=**શોભા માટે દંડ આદિ સંયમના ઉપકરણોને ચળકાટવાળા કરવા આદિથી ચારિત્રને મલિન કરે.

**અન્ય રીતે બકુશના પાંચ ભેદો** -

(૧) **આભોગબકુશ**-જાણવા છતાં દોષો સેવે.

(૨) **અનાભોગબકુશ**-અજાણથી દોષો સેવે.

(૩) **સંવૃતબકુશ**-અન્યના દેખતાં દોષો સેવે.

(૪) **અસંવૃતબકુશ**-છુપી રીતે દોષો સેવે.

(૫) **સૂક્ષ્મબકુશ**-થોડો પ્રમાદ કરે.

**કુશીલના બે ભેદો**-(૧) **પ્રતિસેવનાકુશીલ**-ઉત્તર ગુણોમાં અતિચારો લગાડે.

४९. संमय-श्रुत-प्रतिसेवना-तीर्थ-लिंग-लेश्योपपात-स्थान-विकल्पतः साध्याः ।

(૨) **કષાયકુશીલ**-સંજ્વલનકષાયના ઉદયથી ચારિત્રને દૂષિત કરે.

**નિર્ગ્રંથ**=યથાખ્યાત ચારિત્રવાળા છદ્મસ્થ.

**સ્નાતક**=સયોગી અને અયોગી કેવળી.

[૪૯] સંયમ (સામાયિકાદિ ચારિત્રમાં કોને કયું ચારિત્ર હોય), શ્રુત (કોને કેટલું શ્રુત હોય), પ્રતિસેવના (કોણ કેવા દોષો સેવે), તીર્થ (તીર્થમાં જ હોય કે અતીર્થમાં પણ હોય), લિંગ (દ્રવ્ય અને ભાવ લિંગમાંથી કયું લિંગ હોય), લેશ્યા (કઈ લેશ્યા હોય), ઉપપાત (કાળ કરીને ક્યાં ઉત્પન્ન થાય), સ્થાન (કેટલા સંયમસ્થાનોને સ્પર્શે) એ આઠ દ્વારોથી નિર્ગ્રંથો વિષે વિશેષ વિચારણા થઈ શકે.

## અધ્યાય-૧૦

१. मोहक्षयाद् ज्ञानदर्शनावरणाऽन्तराय-क्षयाच्चकेवलम् ।

२. बन्धहेत्वभाव-निर्जराभ्याम् ।

[૧] મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાય એ ચારના ક્ષયથી કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

[૨] બંધહેતુના અભાવથી અર્થાત્ સંવરથી અને નિર્જરાથી મોહનીય આદિ કર્મોનો ક્ષય થાય છે.

३. कृत्स्न-कर्मक्षयो मोक्षः ।
४. औपशमिकादि-भव्यत्वाभावाच्चान्यत्र केवलसम्यक्त्व-ज्ञान-दर्शन-सिद्धत्वेभ्यः ।
५. तदनन्तरमूर्ध्वं गच्छत्याऽऽलोकान्तात् ।
६. पूर्व-प्रयोगादसंगत्वाद् बन्धच्छेदात्तथागति-परिणामाच्च तद्गतिः ।
७. क्षेत्र-काल-गति-लिंग तीर्थ-चारित्र-प्रत्येकबुद्ध-बोधित-ज्ञाना-ऽवगाहना-ऽन्तर-संख्या-ऽल्पबहुत्वतः साध्याः ।

[૩] સકલ કર્મોનો ક્ષય એ મોક્ષ છે.

[૪] કેવલ (=ક્ષાયિક) સમ્યક્ત્વ કેવળજ્ઞાન, કેવળદર્શન અને સિદ્ધત્વ વિના ઔપશમિક આદિ ભાવોના તથા ભવ્યત્વના અભાવથી મોક્ષ થાય છે.

[૫] સઘળાં કર્મોનો ક્ષય થતાં આત્મા લોકાંત સુધી ઉપર જાય છે.

[૬] સર્વ કર્મોનો ક્ષય થતાં પૂર્વપ્રયોગ (કુલાલ-ચક્ર), અસંગ (તુંબડું), બંધવિચ્છેદ (એરંડ-ફળ), અને તથાગતિપરિણામ (તુંબડું) એ ચાર હેતુઓથી આત્મા ઊર્ધ્વગતિ કરે છે.

[૭] ક્ષેત્ર (ક્યાં), કાલ (ક્યારે), ગતિ (કઈ ગતિમાંથી), લિંગ (કયા લિંગે), તીર્થ (તીર્થમાં કે અતીર્થમાં) ચારિત્ર (કયા ચારિત્રમાં), પ્રત્યેક બુદ્ધ બોધિત (સ્વયં

બોધ પામીને કે અન્યથી બોધ પામીને), **જ્ઞાન** (ક્યા જ્ઞાનથી), **અવગાહના** કેટલી અવગાહના (શરીર પ્રમાણ)વાળા, **અંતર** (કેટલા અંતરે), **સંખ્યા** (એક સમયમાં એકી સાથે કેટલા), **અલ્પબહુત્વ** (કોણ ઓછા-વધારે) એ બાર દ્વારોથી સિદ્ધિ પામનારા જીવોની વિશેષ વિચારણા કરવી જોઈએ.

**તત્ત્વાર્થાધિગમ-દશ-અધ્યાય સૂત્ર સમાપ્ત.**



# નોંધ

# વિશેષ

કલિકુંડ તીર્થોદ્ધારક પ.પૂ.આ.વિ.
શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મ.સા.ના વિનેય
પૂ. મુનિરાજ શ્રી રાજપુણ્યવિજયજી મ.સા.ના
૩૧ ઉપવાસની અનુમોદના નિમિત્તે

: અનુમોદક :
ઉંદરાણા નિવાસી
દોશી ધનીબેન માનચંદભાઈ પરિવાર



પ્રિન્ટીંગ: જય જિનેન્દ્ર અમદાવાદ મો:૯૮૨૫૦ ૨૪૨૦૪